વીવેકપંથી

અંક ૯૦મો

તંત્રી : **ગુલાબ ભેડા**
કાર્યાલય : ૨-સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ, શેરે-પંજાબ કોલોની, અંધેરી (પુર્વ), મુંબઇ-૪૦૦૦૯૩.
ફોન : ૨૮ ૩૮ ૮૮ ૯૧
ઇન્ટરનેટ પર વાંચવા :
http:vivekpanthi.googlepages.com

૧૦૦મો અંક આગામી જુલાઇનો અંક હશે.
૧૦ મહીનાનો પાકો સમય આપણા હાથમાં છે.
શું કહો છો ?
૧૦૦મો અંક આપણે સારી રીતે ઉજવી શકીશું ?

ગુજરાત સરકારનો નીર્ણય ગલત હતો

જશવંતસીંઘના પુસ્તક 'ઝીણા-ભારત, ભાગલા અને આઝાદી' પર ઉતાવળો નીર્ણય લઇને ગુજરાત સરકારે ૧૯મી ઑગસ્ટે લાદેલા પ્રતીબંધને 'નીરક્ષક'ના તંત્રી પ્રકાશ ન. શાહ અને રેશનાલીસ્ટ મનીશી જાનીએ ગુજરાત હાઇકોર્ટમાં પડકાર્યો હતો.

હાઇકોર્ટે પોતાના તા. ૪-૯ના ચુકાદામાં રાજ્ય સરકારની ટીકા કરતાં નોંધ્યું હતું કે સરકારે લોકોના મુળભુત અધીકારો વીશે નીર્ણય લેતી વખતે સજાગતા રાખીને જવાબદારીપુર્વકનું વર્તન કરવું જોઇએ. હાઇકોર્ટના ચુકાદા પછી પુસ્તક ગુજરાતમાં મળતું થઇ ગયું છે.

પ્રકાશ શાહ, મનીશી જાની અને તેમના વકીલ આનંદ યાજ્ઞીકને સલામ.

રેશનાલીસ્ટોએ તો અચુક વાંચવા-કરવા જેવી

રેશનલ વસીયત-ક્રાંતીકારી વસીયત નેમજી છેડાની

મારા જીવનના અંતીમ દીવસો અને અંતીમક્રીયા બાબતમાં હું મારી ઇચ્છાઓનું વસીયતનામું નીચે પ્રમાણે કરું છું.

જો મારી જીંદગીના છેલ્લા દીવસોમાં અકસ્માત અથવા અસાધ્ય બીમારીઓથી જો લાંબા સમય સુધી બેભાન અવસ્થામાં (કોમામાં) ચાલ્યો જાઉ અથવા નીર્ણય કરવા અક્ષમ થાઉ, યોગ્ય ડૉક્ટરો મારા મગજને મૃત જાહેર કરે, ફક્ત વેન્ટીલેટરના સહારે જીવતો રાખવામાં આવે, યોગ્ય સારવાર કરવા છતાં જો કોઇ ઉપાય કારગત થાય તેમ ન હોય, સામાન્ય (નોર્મલ) સ્થીતી થવાની કોઇ શક્યતા ન હોય, તો મારા કુટુંબના સભ્યોએ યોગ્ય ડૉક્ટરો સાથે સલાહ મસલત કરી મારા શરીરના પીડારહીત સરળ મોત (યુથનેસીયા)નો નીર્ણય લઇ લેવો અને એ માટે નીર્ણય લેનાર કોઇને કાયદાકીય કે સામાજીક રીતે જવાબદાર ગણવા નહીં.

એ પછી મારા શરીરના વધારેમાં વધારે શક્ય અવયવો જેવા કે આંખો, ચામડી, લીવર, પેન્ક્રીયાસ, કીડની, બોનમેરો વગેરે વગેરે જરુરીયાતવાળા યોગ્ય દરદીને યોગ્ય રીતે મળી શકે એ માટે વીશ્વાસુ હૉસ્પીટલ, સંસ્થા અને ડૉક્ટરોનો સંપર્ક કરી દાન કરી દેવાં. બાકીનું શરીર પણ મેડીકલ કૉલેજના વીદ્યાર્થીઓને શીક્ષણ માટે દાન કરી દેવું.

અવારનવાર પહાડોમાં મુસાફરી કરતો હોવાથી જો દુરના પ્રદેશોમાં મને અકસ્માત થાય અને અવયવ દાન કે દેહદાન પણ અશક્ય થઇ જાય તો તેવા સંજોગમાં મારા દેહના અગ્નીસંસ્કારને બદલે ભુમીસંસ્કાર કરવા (મૃતદેહને દાટવો) અને ઉપર એક વૃક્ષ રોપવું.

જો ઉપરનાં કારણો સીવાય અલગ પરીસ્થીતીમાં મારું મૃત્યુ થાય તો પણ ચક્ષુદાન અને દેહદાન તો કરવું જ કરવું.

આનો અર્થ એમ નથી કે હું આ ભૌતીક અને નાશવંત શરીરને ધીક્કારું છું. આખી જીંદગી મેં મારા પાર્થીવ શરીરને સાચવી રાખવા અને એનો અંત લંબાવવા ભરપુર કોશીશો કરી છે. મારા દેહને અને પૃથ્વી પરના આ જીવનને મેં શ્રેશ્ઠ અને એકમાત્ર જીવન ગણ્યું છે. મૃત્યુ નીશ્ચીત છે, પણ એનો સમય નીશ્ચીત નથી એટલે આ શરીરના એક-એક અંગને બીમારી અને પીડામાંથી બચાવવા હું હંમેશાં ઝઝુમ્યો છું. હવે આ રીતે મારા અવયવોનું દાન કરી અવયવની જીંદગી લંબાવવાનું મને સાર્થક લાગે છે.

મારી અંતીમક્રીયાઓ શાંતીથી કરવી, સ્મશાનયાત્રામાં કોઇ પણ સંજોગોમાં અગીયારથી વધુ વ્યક્તીઓને બોલાવવી નહીં. જો મારું મૃત્યુ હૉસ્પીટલમાં થયું હોય તો ત્યાંથી જ શરીરનો નીકાલ કરવો, શબ ઘરે લાવવું નહીં. એક સાદી ચાદરમાં મારા મૃતદેહને સાદી રીતે લપેટી લેવો. જો ઘરે મૃત્યુ થયું હોય તો પણ એ પ્રમાણે જ કરવું. નનામી બાંધવી નહીં. જરુર હોય તો ઍલ્યુમીનીયમની નનામીનો ઉપયોગ કરવો. આરોગ્યની દશ્ટીએ જરુર ના હોય તો મારા મૃતદેહને સ્નાન કરાવવું નહીં. ધુપ-દીવો કે અગરબત્તી કરવાં નહીં. સુખડની કે ફુલની માળા પહેરાવવી નહીં. મૃત શરીરને વંદન કરવાં નહીં. જીવનના છેલ્લા સમયને સુધારવાના કે આત્માની સદ્‌ગતી માટેનાં ઉચ્ચારણો કરવાં નહીં. એમ્બ્યુલન્સનો ઉપયોગ કરવો.

જો દેહદાન કે ભુમીદાન શક્ય ન હોય અને ઇલેક્ટ્રીક સ્મશાન ઉપલબ્ધ હોય તો તેનો ઉપયોગ કરવો. સુકાં ખોપરાની વાટી કે કાંચની બંગડીઓ બાંધવી નહીં. નાળીયેર, અબીલ કે ગુલાલ વાપરવાં નહીં. મૃતદેહની આગળ બળતાં છાણાંની માટલી લઇ ચાલવું નહીં. 'રામ બોલો ભાઇ રામ' કે 'જય જીનેન્દ્ર' જેવાં સુત્રો બોલવાં નહીં, કે કોઇ લૌકીક વ્યવહારો પાળવા નહીં.

સમાજની પત્રીકામાં મારા ગામનું અને મારું નામ, ઉંમર, અવસાનનું કારણ અને ખાસ કરીને મારાં અવયવનાં દાન થયાની વીગત જરુર લખવી, પણ ફોટો આપવો નહીં. સગાંઓ સાથેનાં સગપણો લખાવવાં નહીં. પ્રાર્થના કે પ્રાર્થનાસભા રાખવી નહીં. તમામે તમામ પ્રકારના લૌકીક વહેવારો બંધ રાખવા. મારાં કોઇપણ સરનામાં કે ફોન નંબર પત્રીકામાં આપવાં નહીં. આત્માના કલ્યાણ માટે નવકાર ગણાવવાનો આગ્રહ પણ રાખવો નહીં.

છેલ્લે હું કેવી રીતે મૃત્યુ પામ્યો એની લાંબી લાંબી કથાઓ કરવી નહીં. ઘરની દીવાલ પર મારો ફોટો ટાંગીને તેને હાર પહેરાવવો નહીં. ખુણો પાળવો નહીં. સફેદ કપડાં પહેરવાં નહીં. મારી પત્નીએ વૈધવ્ય પાળવું નહીં. જૈન મંદીરમાં પુજા રાખવી નહીં. અગીયારમું, બારમું, તેરમું કે વર્શી વગેરે કંઇ જ કરવું નહીં. ઘરના સભ્યોએ પોતાની માનસીક શાંતી માટે જરુરીયાતમંદોને યથાશક્તી મદદ કરવી. પક્ષી-પ્રાણીઓને ખવડાવવું અને યોગ્ય સંસ્થાઓને દાન આપવું.

આ મારી અંતીમ ઇચ્છા છે અને આ નીર્ણય કોઇ પણ જાતની કડવાશ વીના રાજીખુશીથી, મારી સદ્‌બુદ્ધીથી અને સંપુર્ણ જાગૃત અવસ્થામાં લઉં છું.

સહી : **નેમજી મુરજી છેડા**

દાદા પછી પૌત્ર કે પ્રપૌત્ર પણ લડી શકે તેવા ખટલા

સુપ્રીમ કોર્ટમાં બાવન હજાર જેટલા, રાજ્યોની જુદી જુદી હાઇકોર્ટોમાં ચાલીસ લાખ જેટલા અને નીચલી અદાલતોમાં બે કરોડ ઇકોતેર લાખ જેટલા ખટલા ન્યાયની રાહ જોતા પડ્યા છે.

ગુજરાતની જુદી જુદી અદાલતોમાં બાવીસ લાખ જેટલા ખટલા પડતર છે. અમદાવાદની ઘીકાંટા મેટ્રોપોલીટન કોર્ટમાં જ સાડાત્રણ લાખ જેટલા ખટલા પડતર છે.

ભરણપોશણ માટેના ખટલાઓનો નીકાલ બે મહીનામાં લાવી દેવાનું કાનુની માર્ગદર્શન છે, પણ લેનાર કે દેનારના અવસાન સુધી પણ નીકાલ ના આવે તેની નવાઇ નથી.

અંગ્રેજી કહેવત છે Justice delayed is Justice denied. (વીલંબીત ન્યાય અન્યાયનું જ દ્યોતક છે).

વડાપ્રધાન મનમોહનસીંહે હવે ન્યાયખાતાને ઢંઢોળ્યું છે. શું માનો છો ? ન્યાયનો ઘોડો ગતી પકડશે ?

વીચારલાલીત્ય

તમે સુખી થવા ઇચ્છશો તો થઇ શકશો, પણ અન્ય કોઇ કરતાં વધુ સુખી થવા ઇચ્છશો તો કદી નહીં થઇ શકો. **- કૃશ્ણકાંત ઉનડકટ**

બાપા મોરીયા, મોરયા કે મોર યા ?

- ગુલાબ ભેડા

વાતની શરુઆત એક રમુજથી જ કરીએ !

મધદરીયે ડુબી રહેલી એક હોડીમાં લગભગ મૃત્યમુખે પડેલા ઉતારુઓ પૈકી ક્રીશ્ચીયને ઇશુની પ્રેયર કરી અને ઇશુએ એને ઉગારી લીધો. મુસ્લીમે ઇબાદત કરી અને ખુદાએ તેને બચાવી લીધો. નાનકે શીખને અને ઝુલેલાલે સીંધીને બચાવી લીધો. હીન્દુએ ગણપતીબાપાને પહેલાં પ્રાર્થના અને પછી કાકલુદી કરી, પણ વ્યોમમાંથી જ હસતાં હસતાં બાપા બોલ્યા, ''અલ્યા, વગર વાંકે દર વર્શે મને પાણીમાં ડુબાડવાનો આનંદ તું લુંટે છે. તને ડુબતો જોવાનો આનંદ આજે માંડ મને મળી રહ્યો છે. હું શા માટે તેને બચાવું ?''

વાચક મીત્રો, તમે ગતાંકના છેલ્લા પાને **'ગણપતીબાપા મોરયા, પુઢચ્યા વર્શી લવકર યા'**નો જે ગુજરાતી અર્થ વાંચ્યો હતો એ અર્થ મેળવવા માટે મારે જરુરતથી વધુ મહેનત કરવી પડી હતી અને છતાં જે અર્થ મળ્યો છે તે સાચો જ હોવાની ખાતરી નથી. ગળાં ફાડી ફાડીને વર્શોથી સુત્રોચ્ચારો કરનારાઓએ પણ તેના અર્થનો વીચાર કર્યો જ નથી એ જાણીને મને આશ્ચર્ય થયું હતું. પુછતાં પુછતાં જ અંતે અંધશ્રદ્ધા નીર્મુલન સમીતી (અનીસ)નાં કાર્યકર પ્રભા પુરોહીતને ફોન કર્યો. એમણે પણ મોરયાના અર્થ પર ખાસ વીચાર કર્યો નહોતો, પણ અમે ચર્ચા કરી શક્યા. કહે, ''મોરયાનો અર્થ નમસ્કાર જેવો થતો હોવો જોઇએ.''

''નમસ્કાર આવતાને કે જતાને ?'' મેં પુછ્યું.

''બન્નેને થઇ શકે.''

''વારુ, આ બેમાંથી સાચો પ્રયોગ કયો, મોરયા કે મોર યા ?''

''બોલાય છે તો મોરયા'' (એક જ શબ્દ) પણ એથી કોઇ અર્થ સ્પશ્ટ થતો નથી લાગતો.''

''છુટું પાડીને મોર યા કરીએ તો અર્થ બેસે ખરો ? હું માનું છું, મરાઠીમાં મોરનો અર્થ 'આગળ' જેવો થતો હોય છે અને 'યા'નો અર્થ 'આવો' તો સ્પશ્ટ છે જ. મોર યા એટલે 'આગળ આવો' અથવા 'આગળ થાવ' (મરાઠીમાં 'પુઢે વ્હા'), એવું સમજી શકાય ?''

''એમ કરવાથી અર્થ બેસતો હોય તેવું લાગે ખરું.''

''હવે બીજી વાત. મરાઠીમાં તમે જનારને 'જા' નથી કહેતાં પણ 'યા' (આવો) કહો છો. પણ એનું તાત્પર્ય તો 'જા' જ હોય છે. તો 'મોર યા' કહીને ગણપતીને આપણે જાકારો આપતા હોઇએ એવું ના લાગે ?''

પ્રભાએ માથું ખંજવાળ્યું હશે કે કેમ તેની ફોન પર તો ક્યાંથી ખબર પડે. પણ વાત પુરી કરતાં બહેનના શબ્દો આ હતા. ''વીશય સરસ છે ગુલાબભાઇ, એને 'વીવેકપંથી'માં ચગાવો.''

અને એમ આ લેખનું મંડાણ થયું છે, લ્યો, આ તમને કહી દીધું.

મથાળે ટાંકેલી રમુજ આમ તો હળવાશથી જ કહેવાતી-સંભળાતી આવી છે, પણ એના ગર્ભમાં રહેલો ગંભીર અર્થ સમજવા જેવો છે. તો ચાલો, આપણે પ્રયત્ન કરીએ.

પોતાના આરાધ્યદેવના ભલે પ્રતીકને જ, પણ સમુદ્ર, તળાવ, નદી કે ખાબોચીયામાં ડુબાડી દેવાના કુરીવાજ પર એ રમુજમાં વેધક વ્યંગ-કાતીલ કટાક્ષ છે. આપણે આપણા કુળના કોઇ મોભીની પ્રતીમાને આમ ડુબાડી શકીએ ખરા ? મારા દીવંગત દાદા કે દીવંગત માતા-પીતાની જુની જર્જરીત થઇ ગયેલી તસવીરને પણ હું આ રીતે પાણીમાં ડુબાડી તો ના જ શકું. એવો વીચાર કરતાં પણ આપણી લાગણી દુભાય. તો પ્રશ્ન એ છે કે ગણપતીબાપાનો એવો તે કયો ગુનો કે એને ડુબાડ્યે જ છુટકો કરીએ છીએ !

ભોળીયા ભક્તોને પુછીએ તો ખરા કે, ''ભાઇ, ગણપતી તમારા દેવ છે કે દુશ્મન ?'' અરે, દુશ્મનને પણ કોઇ સજ્જન આ રીતે ડુબાડી શકે ?

> આપણે આદ્યદેવ ગણપતીને ગણ્યા છે, જેની વીભાવના એવી છે કે માનવ બાળકના ધડ ઉપર હાથીના મદનીયાના માથાનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે, પણ જે વીભાવના અતાર્કીક છે.
>
> શરીર જેમ અન્યના અવયવો સ્વીકાર કરે છે, તેમ અસ્વીકાર પણ કરે છે. મનુશ્યનું શરીર હાથીના અંગનો સ્વીકાર કરી શકે નહીં. **ડૉ. પ્રદીપ પટેલ-સુરત**

જ્યારે આપણે તો આપણા એ આરાધ્યદેવની મશ્કરી કરવામાં પણ મણા નથી રાખતા. ગણપતીના ચીત્રો દોરવામાં પણ આપણે કેવા મનસ્વી છીએ ! એવા તો ઢંગધડા વગરનાં ચીત્રો દોરીએ છીએ કે કેટલીક વખત તો એ ગણપતીનું જ ચીત્ર છે તેવું ધરાર મનને મનાવવું પડે. મને લાગે છે કે ગણપતી સાથે લેવાય છે એટલી છુટછાટ તો બીજા કોઇ દેવ સાથે લેવાઇ નહીં હોય ! ગણેશોત્સવ દરમીયાન પણ કેવી ચીત્ર-વીચીત્ર વેશભુશાઓમાં એને લપેટીએ છીએ અને ડેકોરેશનના બહાને કેવા કેવા સેટ્સ ઉભા કરીએ છીએ ! આ વર્શે એક જગ્યાએ ગણપતીની સામે કસાબને ફાંસી અપાતી હોય તેવો સેટ ઉભો કરવામાં આવ્યો હતો. તો બીજી જગ્યાએ ગણપતીબાપાને ઉંટ ઉપર સવારી કરાવવામાં આવી હતી. (જોકે મને ઉંદરની સવારી કરતાં ઉંટની સવારી કંઇક વાસ્તવીક લાગી). કંઇક વાસ્તવીક લાગે તેવી એક મુર્તી મુંબઇના ગીરગામમાં જેમાં ગણપતીને ચતુર્ભુજને બદલે માણસ માફક બે હાથવાળા બનાવાયા હતા. આના પરથી એક વીચાર એવો આવે કે જે બાળકનું માથું વઢાયું હશે ત્યારે તો એ બે હાથવાળો જ હશે તો વધારાના બે હાથ કેમ અને ક્યારે પ્રગટ્યા તે માટે પુરાણમાં કયો તુક્કો લડાવાયો હશે ?

ભક્તી-બક્તીનું તો ખાલી ઓઠું જ છે. જેના પ્રત્યે ભક્તીભાવ હોય તેને ડુબાડીએ ?

મુદ્દે આપણે તો જલસા જ કરવા છે અને ગણપતી જેવા માની લીધેલા આરાધ્ય દેવને તેનું નીમીત્ત બનાવી દેવામાં પણ આપણે છોછ નથી રાખતા.

માનવી આમેય ઉત્સવપ્રેમી પ્રાણી છે અને એજ બરાબર છે. આપણું રેશનીલીસ્ટોનું તો સમગ્ર જીવન જ એક મહોત્સવ છે, પરંતુ ઉત્સવમાં પણ વીવેક તો હોવો જોઇએ કે નહીં ?

'પરથમ સમરું ગણપતી દેવા, વીઘન લે જો હારી વ્હાલા' કે **'પરથમ પગલે ભાવથી સમરું સ્વામી તમને સુંઢાળા...'** જેવાં પદો લલકાર્યે રાખીએ અને એમ કરવાથી આપણા સઘળાં વીઘ્નો ગણપતીબાપા હરી લેશે તેવું માની લઇએ તેમાંય વાંધો નહીં. વળી વીઘ્નહર્તા તરીકેની જવાબદારી સંભાળ્યા પછી બાપા ખરેખર વીઘ્ન હરે છે કે કેમ તે વીશે શંકા ના સેવીએ તો પણ ચાલે; **''યહ તો શ્રદ્ધા કા મામલા હૈ''** અને શ્રદ્ધાનો જ જ્યાં વીશય હોય, ત્યાં સાબીતીની જરુર નહીં એમ તો કવી પણ કહી ગયા છે. તેમ છતાં આ ગણેશોત્સવ કેમ, કયારે અને શા માટે ચાલુ થયો હતો એ પણ યાદ ના રાખીએ તે કેમ ચાલે ?

યાદ કરો ૧૧૦ વર્શ પહેલાંનો ઇતીહાસ, જ્યારે લોકમાન્ય ટીળકે ગણેશોત્સવ ચાલુ કર્યો હતો. આઝાદીના જુવાળને દાબી દેવા માટે ત્યારે બ્રીટીશ શાસકોએ સભા-સરઘસ પર નીયંત્રણ લાદ્યું હતું જેમાં કેવળ ધાર્મીક ઉત્સવોનો જ અપવાદ હતો. ટીળકે આ અપવાદનો લાભ ઉઠાવીને લોકોને એકઠા કરવા માટે ગણેશોત્સવ ચાલુ કર્યો હતો, જ્યાં એકઠા થયેલા લોકોમાં સ્વાતંત્ર્યનો મંત્ર ફુંકવામાં આવતો હતો. આમ આઝાદીની ચળવળ ચાલુ રાખવા માટે ગણપતીને નીમીત્ત બનાવાયા હતા, જેની પાછળ ધર્મભાવનાથી સવીશેશ રાશ્ટ્રભાવના હતી. (આની પહેલાં ગણેશોત્સવ શું એ પણ કોઇ જાણતું નહોતું.)

આપણે એ મુળ ઉદ્દેશ તો છેક જ વીસારે પાડીને કેવળ અને કેવળ જલસા કરવા માટે જ ગણેશોત્સવમાં દેશની કરોડો અને અબજોની સંપત્તીનો વેડફાટ કરી રહ્યા છીએ અને સામાજીક સમાનતાનું સત્યાનાશ વાળી રહ્યા છીએ. ભક્તી-બક્તીનું તો ખાલી ઓઠું જ છે. જેના પ્રત્યે ભક્તીભાવ હોય તેને ડુબાડી મારીએ ?

આજથી પાંચેક વર્શ પહેલાંની એક વાત અહીં યાદ આવે છે. ડૉ. નરેન્દ્ર દાભોલકર સહીત અનીસના નેતાઓએ પાણીપ્રદુશણ અટકાવવા માટે ગણપતી વીસર્જનના કેટલાક વ્યવહારુ વીકલ્પો સુચવ્યા હતા અને તેનો મહારાશ્ટ્રમાં ભરપુર પ્રચાર હતો. એક દીવસ એના જ એક ભાગરુપે પ્રભા પુરોહીતને ઘેર દાભોલકર સહીત કેટલાક નેતાઓએ વીવેકપંથીઓ સાથે એક બેઠક યોજી હતી. પાણીપ્રદુશણ અટકાવવા માટે ગણેશ વીસર્જન માટેના ઘણા ઉપાયો ત્યાં ચર્ચાયા હતા. એ દરમીયાન મારા મૌન પ્રત્યે ડૉ. દાભોલકરનું ધ્યાન ગયું હતું અને એમણે મને મારા વીચારો માંડવાનું કહ્યું હતું.

મેં ત્યારે કહ્યું હતું, ''મને તો ગણપતીની વીભાવના જ મગજમાં બેસતી નથી. માણસના ધડ ઉપર હાથીનું માથું બેસી જ કેમ શકે ?'' પણ મારું ત્યાં કંઇ ઉપજ્યું નહોતું. ''એ આખો વીશય જ જુદો છે'' કહીને મને ટાળી દેવામાં આવ્યો હતો.

છતાં એ પ્રશ્ન તો મારા મનમાંથી ટળ્યો નથી જ. આજે પણ માથું ખંજવાળી ખંજવાળીને ટાલ પાડી દીધી

છે કે માણસના ધડ ઉપર હાથીનું માથું બેસે જ કેમ ?

ઉભાઉભ સર્જરી કેમ થઇ હશે તે વાત જવા દઇએ તો પણ માણસ અને હાથીના કદ વચ્ચેનો તફાવત તો વીચારવો પડે ને ! વળી, માનવદેહ ઉભા આકારે છે તેથી એમાં માથું ઉપરની બાજુ આવે અને હાથી આડા આકારે છે તેથી તેનું માથું એક બાજુ પર હોય. હવે ઉભા ધડ ઉપર આવું માથું બેસાડીએ તો આંખો માત્ર આકાશ જ જોઇ શકે, સામે ના જોઇ શકે. એ સ્થીતી ટાળવા માટે જો તેવું માથુ બેસાડવું હોય તો વચ્ચે એકાદ વળાંકીયો આપવો પડે. શું એવો કોઇ વળાંકીયો ત્યાં હાથવગો હશે ?

અને ધડ-માથાની એ સર્જરી સમયનું દૃશ્ય પણ જુઓ :

દેવોના દેવ મહાદેવ બારણે આવીને ઉભા એટલે ત્યાં ચોકી કરવા બેઠેલું બાળક એમને રોકતાં કહે છે, ''મારી મમ્મી નહાવા બેઠી છે ને મને કહ્યું છે કે કોઇને અંદર આવવા દેતો નહીં.'' ખલ્લાસ. સામે એક કુમળું બાળક છે તેનો પણ વીવેક રાખ્યા વીના દેવોના દેવ મહાદેવે સીધું એનું માથું વાઢી નાખ્યું.

પછી પાર્વતી નાહીને બહાર આવીને કકળાટ કરે છે, ''અરેરે... તમે આ શું કરી બેઠા ? આ તો આપણું પોતાનું જ સંતાન છે.'' (બીજાનું હોય તો વાત જુદી ?)

''ભારે કરી'' શંકરજી વદ્યા, ''મને શું ખબર ? પણ કંઇ વાંધો નહીં, તું મુંઝાતી નહીં. હમણાં આપણા સંતાનને જીવતું કરી દઉં છું.'' અને ત્યાં જ સામેથી આવતું હાથીનું મદનીયું દેખાયું કે એક ઝાટકે એનું માથું વાઢીને શંભુનાથે બાળકના માથા પર મુકી દીધું ને હાંઉ, બાળક ગજેન્દ્ર સ્વરુપે આળસ મરડીને ઉભું થઇ ગયું. તે દી'ની ઘડી ને આજનો દી' !

અહીં એક પ્રશ્ન એ થાય કે મહાદેવજી એવા તે કેવા ઉતાવળા કે બાળકનું જ કાપેલું માથું પાછું ધડ ઉપર ગોઠવી દેવાને બદલે એક વધુ જીવહત્યાનું પાપ વહોરી લીધું ! બીજો પ્રશ્ન : પેલા બાળકના માથા અને મદનીયાના ધડનું પછી શું થયું ? હાથીઓની જમાતે ભેગા મળીને માણસના માથાવાળા હાથીને પોતાના આરાધ્યદેવ ધારી લીધા હોય એવું સાંભળવા તો નથી મળ્યું. (માણસ કરતાં હાથી એટલા શાણા ?)

શંકરનું એક સ્વરુપ છે નીલકંઠ. કાતીલ ઝેરને એમણે પોતાના કંઠમાં સંઘરી જાણ્યું. વીચાર કરો, આ રીતે ઝેર પચાવી જાણનારની સમજદારી અને સહીશ્ણુતાનો કોઇ પાર હોય ? એ કોઇ આવેશી પગલું ભરી શકે ખરા ?

આપણા અભ્યાસી મીત્ર લલીત નગરશેઠને આ પ્રશ્ન પુછું તો તરત જ કહેશે, ''જવા દો ને યાર... આપણાં પુરાણો તો આવા મેળમાથા વગરના ગપગોળાથી જ ભર્યાં પડ્યાં છે.''

અને છેલ્લે એક સ્વાનુભવ : વાત છે પાંચેક વર્ષ પહેલાંની. કાચાપાકા રેશનાલીસ્ટ તેવા એક વ્યંગચીત્રકારને મેં પુછ્યું હતું, ''દોસ્ત, 'વીવેકપંથી' માટે મને એક વ્યંગચીત્ર પટ્ટી બનાવી આપશો ?''

''જરુર જરુર'' એમણે ઉત્સાહભેર કહ્યું હતું.

એમની તૈયારી જોઇને મેં એમને આ પ્રમાણે શબ્દચીત્ર આપ્યું હતું : ''લોહી નીતરતી તલવાર સાથે ઉભેલા એક જલ્લાદે વાઢી નાખેલું મારું માથું અને ધડ એક બાજુ પડ્યાં છે અને બીજી બાજુ એ જ જલ્લાદે વાઢી નાખેલા એક ગધેડાનાં માથું અને ધડ પડ્યાં છે. બીજા ચીત્રમાં એક સજ્જન રાહદારી આવી ચડે છે ને આવા પાપકૃત્ય માટે જલ્લાદને ઠપકો આપે છે. ત્રીજા ચીત્રમાં ઉતાવળો જલ્લાદ મારા ધડ ઉપર ગધેડાનું માથું ગોઠવી દે છે અને ચોથા ચીત્રમાં ગધેડાના માથાવાળો હું ટટ્ટાર ઉભો છું અને નીચે લખેલું છે 'ગધેન્દ્રાય નમ:.'

વ્યંગચીત્રકાર વ્યંગ સમજી ગયા અને પાકા રેશનાલીસ્ટ તો હતા જ નહીં તેથી... સમજી ગયા ને ! મારું કાર્ટુન બની શક્યું નહીં. પુરાણકાળમાં જે વાસ્તવીક રીતે થઇ ગયેલું દર્શાવાય છે તે વર્તમાનકાળમાં કલ્પનામાં પણ થઇ શક્યું નહીં. પણ આપણે તો આંખ મીંચીને પુરાણને જ માનવાનું છે ને !

મીત્ર, હમણાં જ ગણેશોત્સવ ગયો. તમે આ વાંચતા હશો ત્યાં સુધીમાં તો ગણપતીબાપા ગાજતે વાજતે છતાં ચુસ્ત સલામતી વ્યવસ્થા સાથે પાણીમાં એવા ઓગળી ગયા હશે કે તેમની રજકણ પણ શોધી નહીં મળે.

'શ્રદ્ધા'નો વ્યવસાય કેટલો મોટો ?

૩૫૦૦ ગુણી ભરીને લાલબાગના રાજા (ગણપતી)ને ચડાવાયેલ નાળીયેરનું નંગ દીઠ રુ. ૨/-ના ભાવે તા. ૬ઠ્ઠીએ વેચાણ ચાલું થયું હતું. જે માટે ખરીદદારોની લાઇન લાગી હતી.

રોકડ બાદ કરતાં સોના-ચાંદીનાં જે ઘરેણાં ચડાવાયેલ હતાં તેને પણ લીલામીમાં વેચવામાં આવશે.

પણ મુંઝાતા નહીં, આઠેક મહીના જવા દો. પાછાં ગણપતીનાં કારખાનાં ધમધમતાં થઇ જશે. પાછું પહેલી ભાદરવી ચોથને દીવસે ધામધુમથી ગણેશ સ્થાપના થઇ જશે અને તેના દસમા દીવસે એનાથી પણ અદકેરી ધામધુમથી બાપાને પાણીમાં પધરાવીને વીસર્જન કરી દેવાશે.

સર્જન અને વીસર્જનના સતત ચાલતા રહેલા આ ચકરાવામાંથી ગણેશજીનો ઉગારો થાય તેમ તમે માનો છો ? નહીં ને !

તો પ્રેમ સે બોલો, ગણપતીબાપા !.... મોરીયા સાથે મળી બોલો, ગણપતીબાપા ! મોરયા ગણપતી બાપા ? મોર યા.... ટાટા, બાયબાય, આવજો.

તમે કેટલા અને કેવા રેશનાલીસ્ટ છો ?

- બાબુભાઇ ડી. દેસાઇ

સીત્તેરના દાયકામાં ગુજરાતમાં આંગળીના વેઢે ગણાય એટલા રેશનાલીસ્ટો હતા, આજે એ સંખ્યા ખુબ વધી છે. સંખ્યા વધી જવાથી પણ કેટલાક પ્રશ્નો સપાટી ઉપર આવ્યા છે, જેવા કે....

(૧) આ કામ જ રેશનાલીસ્ટ કામ છે ? (૨) આને રેશનાલીસ્ટ ના કહેવાય ? (૩) રેશનાલીસ્ટ આવો ન હોય કે આવું ન કરે ? (૪) **અ** કરતાં **બ** વધુ રેશનાલીસ્ટ છે. (૫) આ તો કાચો/અધુરો રેશનાલીસ્ટ કહેવાય. (૬) આના જેવો કોઇ રેશનાલીસ્ટ નથી.

આ અને આવી વાતો સંવાદો-લખાણોમાં થવા લાગી છે. કદાચ, કોઇ સો ટકા રેશનાલીસ્ટ બની શકતું નથી. પ્રગટ હેતુથી જ સંતોશ માનવો રહ્યો. કોઇ એવું જડબેસાક બેરોમીટર કે ફુટપટ્ટી પણ નથી કે જેનાથી વ્યક્તી કેટલા ટકા રેશનાલીસ્ટ છે તેનું માપ કાઢી શકાય. આપણે તો આપણા વર્તન વ્યવહારમાં સમય, સંજોગો, હેતુ કે વાતાવરણથી પ્રભાવીત થઇએ છીએ, જેની અસર પડતી હોય છે. એકને લાગુ પડે તે બીજાને પણ એટલી જ માત્રામાં લાગુ પડે એવું જરુરી નથી. આપણી ફુટપટ્ટીથી અન્યને માપી શકાય નહીં. વળી, ક્યારેક એવું જોવા મળે છે કે વ્યક્તીને પોતે રેશનાલીસ્ટ તરીકે ટકી રહેવા માટે સામે કોઇ વીરોધી કે દુશ્મન હોવો જોઇએ, ક્યાં ઉભો કરવાનું વલણ થાય છે, જેનો વીરોધ કરી પોતાનું અસ્તીત્વ જાહેર કરવાની તક શોધે છે. આ સંજોગોમાં નીચેનાં વીધાનોનો જવાબ પ્રત્યેકે મનોમન મેળવી લેવાનો છે. તમે કેટલા અને કેવા રેશનાલીસ્ટ છો તે નીચેના ૨૫ લક્ષણો ચકાસીને નક્કી કરો.

(૧) કોઇ પણ બાબતમાં વીશ્વાસ ધરાવવા માટે હું માત્ર ચકાસણી કરી શકાય એવા ભૌતીક પુરાવા જ સ્વીકારું છું. (૨) હું ભગવાન, અલ્લાહ, ગોડના અસ્તીત્વમાં વીશ્વાસ ધરાવતો નથી. (૩) કોઇ પણ ધર્મના ધર્મગ્રંથોની વાતો હું સ્વીકારતો નથી. (૪) રેશનાલીસ્ટ થવા માટે ભગવાનના અસ્તીત્વનો ઇનકાર કરવો અનીવાર્ય છે. (૫) રેશનાલીસ્ટની વીચારધારામાં માનવવાદ, પ્રેમ, કરુણા વધારે મહત્ત્વનાં છે. (૬) વીવેકબુદ્ધી એ રેશનાલીઝમની વીચારધારાના પાયામાં તેમજ હાર્દ સમાન છે. (૭) રેસનાલીઝમની વીચારધારામાં લોકશાહી, બીનસાંપ્રદાયીકતા, સામાજીક ન્યાય પણ સમાન મહત્ત્વ ધરાવે છે. (૮) જન્મ, મરણ કે લગ્ન જેવા ગંભીર પ્રસંગોએ ક્યારેક શુદ્ધ રેશનાલીઝમમાં ગણાવી ન શકાય એવું વર્તન કરું છું. (૯) રેશનાલીસ્ટને છાજે એવું વીચાર-વર્તન હોય એ માટે સતત પ્રયત્ન કરું છું. (૧૦) બીનરેશનાલીસ્ટોની સમજ, અભીગમ કે વીચારને હું ધીરજપુર્વક, ગંભીરતાથી સાંભળું કે વાંચું છું, આક્રમક બનતો નથી. (૧૧) રેશનાલીસ્ટો માટે હોદ્દો કે સત્તાપ્રાપ્તી મહત્ત્વની નથી એમ હું માનું છું. (૧૨) અન્યોને ઉતારી પાડવા હું કદી દલીલો શોધતો નથી. (૧૩) હું ભલો ને મારું રેશનાલીઝમ ભલું-એ વાતમાં હું માનું છું. (૧૪) સેક્સ બાબતમાં વૈજ્ઞાનીક કે રેશનાલીસ્ટ અભીગમ હું સહેલાઇથી સ્વીકારું છું. (૧૫) વીચાર, વાણી તથા લેખન અભીવ્યક્તીના નીર્બંધ કે બીનશરતી સ્વતંત્રતાનો હું હીમાયતી છું. (૧૬) કોઇ સાથે મતભેદ થાય તો તે હું સહન કરી શકું છું અને મનભેદ રાખતો નથી. (૧૭) અન્ય સાથે છુપી સરખામણીમાં હું માનતો નથી. (૧૮) રેશનાલીઝમ જડવાદમાં સરી પડવો જોઇએ નહીં એવું ભારપુર્વક માનું છું. (૧૯) વખતોવખત મારી રેશનાલીસ્ટ સજ્જતા વીશે સચેત રહું છું. (૨૦) પુર્વગ્રહરહીત માનસ રેશનાલીસ્ટ માટે અનીવાર્ય છે. (૨૧) રેશનાલીઝમ એ માત્ર સાધુ, સંતો, મુલ્લા, પાદરી કે પાખંડીઓનો પ્રતીકાર પુરતું મર્યાદીત નથી. (૨૨) રેશનાલીઝમની વીચારસરણી રાશ્ટ્રવાદ સાથે ટકરાય તો હું રેશનાલીઝમને પ્રાથમીકતા આપું છું. (૨૩) કુટુંબના સભ્યો પણ સ્વતંત્ર છે અને લોહીના સંબંધથી કે વડીલપણાથી રેશનાલીઝમ ફેલાવી શકાય નહીં. (૨૪) રેશનાલીઝમની યાત્રા-પ્રવાસમાં કોઇ પણ વ્યક્તી જેટલી સંમત થાય તેનો સ્વીકાર કરું છું. શરુથી જ સંપુર્ણતાનો આગ્રહ રાખતો નથી. (૨૫) પૌરાણીકતા, પ્રણાલીકા કે સંસ્કૃતીને નામે ચાલતા માનવ દુઃખો સ્વીકારવાં જોઇએ નહીં.

રેશનાલીઝમ સાથે તમારો કટેલો મેળ બેસે છે ? તમે કેટલા અને કેવા રેશનાલીસ્ટ છો ?

દૈવી સારવાર આપતા બ્રહ્મર્શીને ત્યાં ટંકશાળ પડે છે

ભગવાનજી રૈયાણી અને ખુશાલ ગાળીયાએ સોપો પાડ્યો

શનીવાર, તા. પાંચમી સપ્ટેમ્બરનાં અખબારોમાં રંગીન તસવીરો સાથેની મસ્તમોટી જાહેરખબરો પ્રગટી. બ્રહ્મર્શી શ્રી કુમાર સ્વામીજીએ પાછલા દીવસોમાં અમેરીકા, ઇંગ્લેન્ડ અને કેનડાની યાત્રામાં વીશ્વમાંથી આવેલા બુદ્ધીજીવીઓના ખચોખચ ભરેલા સભાગારોમાં કેટલાક ટીવી, રેડીયો, ચેનલો અને પત્રકારોની સામે સનાતન મર્યાદાના રહસ્યો ઉદ્ઘાટીત્ કર્યા અને એમની શક્તીના અદ્ભુત પ્રમાણ દીધા તે જોઇને બધા નત્મસ્તક થઇ ગયા.

વધુમાં જાહેરખબરમાં ગજાવ્યા પ્રમાણે અનેક પશ્ચીમી રાજકારણી મહારથીઓ તેમ જ ઇંગ્લેન્ડની સરકાર તરફથી પણ બ્રહ્મર્શીને પ્રમાણપત્રો મળ્યાં છે.

એક પુત્રીએ પોતાના મોતને આરે ઉભેલા હૃદયરોગી પીતા દીવ્યપાઠથી એવા સાજા થઇ ગયા કે ડૉક્ટરો પણ મોઢામાં આંગળાં નાખી ગયાનું વીધાન કર્યું છે.

તો બીજાં એક મહીલાએ પોતાના ૨૪ કલાક નશામાં રહેતા વ્યસની પતીનું દારુનું વ્યસન ગુરુદેવ પાસેથી દીવ્યપાઠ ગ્રહણ કરતાં છુટી ગયાનું વીધાન કર્યું છે.

હવે મુંબઇને દીવ્યપાઠથી વ્યાધીમુક્ત કરવાની કૃપા કરવા બ્રહ્મર્શીએ મુંબઇ પધારીને તા. પાંચમીએ દાદરમાં અને છઠ્ઠીએ અંધેરીમાં દીવ્યપાઠનો કાર્યક્રમ યોજ્યાની માહીતી આપતી ઉપરોક્ત જાહેરખબર પ્રત્યે લક્ષ્મીદાસ ખટાઉએ ભગવાનજી રૈયાણીનું ધ્યાન દોર્યું અને રૈયાણી સાબદા થયા.

સાંજે પાંચ વાગ્યે દાદર પહોંચી ગયા, જ્યાં પાંચ હજાર માણસોની મેદની હતી અને ત્યાં અંધાધુંધ ગેરવ્યવસ્થા જોવા મળી. રાત્રે સાડા આઠ વાગ્યા સુધી તમાશો જોયો. બ્રહ્મર્શી અઢી કલાક રાહ જોવડાવ્યા પછી પધાર્યા અને એકઠા થયેલા લોકો તરફ પીઠ કરીને ધુપ-દીપ-પ્રાર્થના કર્યા. વધુ એક કલાક રાહ જોઇને પ્રત્યક્ષ મુલાકાત ક્યારે થશે તેવું પુછતાં મુશ્કેલીથી જવાબ મળ્યો કે આવતીકાલે ૧૨ થી ૬માં ફોનથી એપોઇન્ટમેન્ટ લઇને રુપીયા અઢી હજાર સાથે આવજો. રોકડાને બદલે ચેક ચાલશે તેવી કબુલાત મેળવી.

ભગવાનજીભાઇએ ફોન પર રવીવારે સવારે પોતાનો એજન્ડા ગુલાબ ભેડાને વીગતે કહીને સથવારો માગ્યો. ખુશાલભાઇ ગાળીયાએ એક મીત્ર સાથે જવું તેમ ઠરાવાયું અને ત્રણેય જણ એપોઇન્ટમેન્ટ લીધા પ્રમાણે સાંજે પાંચ વાગ્યે પહોંચી ગયા. એક એરકન્ડીકશન હુપ્લેક્ષ બંગલા પાસે અકડેઠઠ્ઠ ગીરદી જામી હતી.

રામાનંદ સાગરની રામાયણમાં રામ બનેલા (અને હવે કદાચ નીવૃત્ત) અરુણ ગોવીલ અને અન્ય 'સેવકો' દાદરની જેમ અહીં પણ હાજર હતા. ખુબ રાહ જોવડાવ્યા પછી બ્રહ્મર્શી પધાર્યા અને લોકોનાં અભીવાદન સ્વીકારતા-આશીર્વાદ આપતા અંદરના ઓરડામાં જતા રહ્યા. રાહ જોઇજોઇને અકળાયેલા રૈયાણી સહીતના આપણા મીત્રો પાસેથી પહેલાં ફોર્મ ભરાવીને રુપીયા સાડાસાત હજારનો ચેક તો લઇ લેવામાં આવ્યો હતો જ. 'મુલાકાત ક્યારે થશે' તેવું મોટા અવાજે પુછતાં જવાબ મળ્યો કે, 'એમ અકળાયે ના ચાલે. લોકો આખીઆખી રાત રાહ જુએ છે.'

ત્યાંથી નીકળીને મીત્રો સીધા નજીકના પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા ગયા. ભગવાનજીભાઇ તો કાયદાના જાણકાર. એફ.આઇ.આર. નોંધાવી. દૈવીશક્તીથી કોઇ સાજું થાય નહીં અને એ રીતે લોકોના આરોગ્ય સાથે ચેડાં કરવાનો કોઇને અધીકાર નથી. વળી, આ બ્રહ્મર્શી તો દવાઓ પણ આપે છે જે ગેરકાનુની છે. આને લગતી કાયદાની કલમો પણ રૈયાણીએ પોલીસને લખાવી.

એક સબઇન્સ્પેક્ટર અને બે હવાલદારો સાથે ચાલ્યા અને એમ સહુ પાછા સ્થળ પર પહોંચ્યા, જ્યાં બ્રહ્મર્શી હાજર ન હોતાં પૃચ્છા કરી તો જવાબ મળ્યો, 'નજીકને બીજે બંગલે મળશે' ત્યાં ગયા.

ઘણીવારે ગુરુજી મળ્યા. રૈયાણીએ પોતાની રજુઆત કરી અને જરુરી પ્રમાણપત્રો માગ્યાં. જવાબમાં પરદેશના અનેક ચમત્કારો કહીને એમને જઇને પુછો કે અમારામાં કેવી દૈવીશક્તી છે તેવું જણાવવામાં આવ્યું.

'એને કોઇ પ્રમાણ ના કહેવાય. દૈવીશક્તી કઇ રીતે કામ કરે છે તેની થીયરી સમજાવો અને સારવાર અને દવાઓ આપવા માટેનું કોઇ સર્ટીફીકેટ હોય તો તે બતાવો.' ખુશાલભાઇએ પોતાની રીતે ધડબડાટી બોલાવી. ગુરુજીએ એમને પુછ્યું, 'તમે કેટલા રુપીયા આપ્યા છે ?' જવાબ આપ્યો, 'સાડાસાત હજાર. રુપીયા

લઇને તમે લોકોને કલાકો સુધી રાહ જોવડાવો છો, મુલાકાત માટે ટટળાવો છો તો એવો તમને કયો અધીકાર છે ?'

ગુરુજીએ અરુણ ગોવીલ (જે પટ્ટશીશ્ય હોવા જોઇએ)ને આદેશ આપ્યો, 'આ લોકોને બમણી રકમ પાછી આપી દો.'

'અમે તો ચેક આપ્યો છે. રુપીયા અમારે પાછા જોઇતા નથી, સમાધાન જોઇએ છે. તમારા ચમત્કારની અસરનું વીજ્ઞાન અમને સમજાવો.'

અહીં આશ્ચર્ય એ કે સાથે આવેલી પોલીસ જાણે કે ગુરુજીના પક્ષે હોય તે રીતે વર્તી.

'તમારે જવાબ આપવો જ પડશે' એમ કહીને મીત્રો ચાલવા માંડ્યા. હજી ગાડી સુધી પહોંચે છે ત્યાં જ અરુણ ગોવીલ દોડતા પાછળ આવ્યા. 'ગુરુજી તમને બોલાવે છે.' ગયા.

રુપીયાનું જાડું કવર ધરીને ગુરુજીએ કહ્યું, 'તમને ખાસ ફોન પર એપોઇન્ટમેન્ટ આપીને બોલાવીશ.'

'અમે પહેલાં જ કહ્યું છે કે અમે રોકડા રુપીયા નથી આપ્યા, ચેક આપ્યો છે અને અહીં રુપીયા લેવા આવ્યા નથી.'

'એમનો ચેક પાછો આપી દો' ગુરુઆજ્ઞા થઇ અને ચેક પાછો મળી ગયો. સાથે ફોનથી પોતે બોલાવશે તેવું વચન પણ ગુરુજી તરફથી મળ્યું.

બહાર ઉભેલા લોકોની ભીડ પોલીસ જોઇને નવાઇ પામી હતી. ખુશાલભાઇએ પોતાની આગવી શૈલીમાં બીન્ધાસ્ત રજુઆત મોટા અવાજે કરી, 'દૈવી પ્રાર્થનાથી રોગ મટાડી શકતા હોય તો બાજુની કુપર હૉસ્પીટલના દર્દીઓને સાજા કરવા જાઓ ને ! સેવા જ કરવી હોય તો આટલા બધા રુપીયા શાના લો છો ?'

રૈયાણીએ પોલીસ પાસે તેમની બદલાયેલાં વલણ માટે જવાબ માગ્યો અને પોલીસ ગેંગેંફેંફેં થઇ ગઇ. શરમાતાં શરમાતા જવાબ મળ્યો, 'તમારી ફરીયાદ તો અમે લીધી જ છે અને તેના આધારે યોગ્ય તપાસ પણ કરીશું.'

આમ બ્રહ્મર્શી સામે પોલીસ ફરીયાદ તો થઇ જ છે. આગળ કઇં થશે કે કેમ તે કહી શકાય નહીં. પોલીસની 'સહકાર ભાવના' તો કોણ નથી જાણતું !

રૈયાણી મુંબઇના રેશનાલીસ્ટો પાસેથી આવી જ નૈતીક હીંમતની આશા રાખે છે. આવા કોઇપણ પ્રસંગે જો રેશનાલીસ્ટો સાથ આપે તો ઘણુંઘણું કરવાની તેમની તૈયારી છે.

અગાઉ તેમણે જાહેરાત કરી છે કે ટીવીની ચેંનલો ધ્યાનથી જુઓ અને તેમાં કોઇ ચમત્કારીક ઘટના ધ્યાનમાં આવે તો વીગતે નોંધી લઇને રૈયાણીને જાણ કરો. રેશનાલીસ્ટોએ સક્રીય થવાનો આ યોગ્ય અવસર છે.

ફોન સંપર્ક : **ભગવાનજી રૈયાણી,** 26 14 88 72. મો. 98 20 40 39 12.

દામનગરના પુસ્તકાલયને દાનની જરુર

મણીબાઇ સાર્વજનીક પુસ્તકાલય-દામનગર ૧૧૯ વર્શથી એકધારું ચાલુ છે, જે ગમે તેવી આર્થીક સંકડામણમાં પણ મુરઝાયું નથી. અહીં મહીલા પુસ્તકાલય અને બાળ પુસ્તકાલય પણ સંસ્થાના પોતાના મકાનમાં જ ચાલુ છે. એક માળ પણ ના ચડી શકે તેવા વરીશ્ઠો માટે ભોંયતળીયે ખાસ વાંચનાલય પણ ચાલુ કરવામાં આવ્યું છે.

આ પુસ્તકાલયને એકથી વધુ વખત રાજ્યના શ્રેશ્ઠ પુસ્તકાલયનું બહુમાન મળ્યું છે અને હવે દુનીયા આખીની માહીતી મળી રહે તે માટે પુસ્તકાલયને કલક્તાના રાજા રામમોહનરાય ફાઉન્ડેશન તરફથી રુ. ૨,૫૦,૦૦૦ના ખર્ચે કૉમ્પ્યુટરાઇઝ્ડ કરવામાં આવ્યું છે. કહેવાય છે કે દામનગર શહેરની વસતી કરતાં આ પુસ્તકાલયમાં પુસ્તકોની સંખ્યા વધુ છે.

પુસ્તકો તથા સામયીકોની વધતી જતી કીંમતોને અનુસરીને આ પુસ્તકાલય માટે રુ. ૧૧ લાખના સ્થાયી ભંડોળની જોગવાઇ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માટે પુસ્તકપ્રેમી સાહીત્યરસીકોને દાન માટે અપીલ કરવામાં આવી છે. રુ. ૧૧૦૦ કે તેથી વધુ આપવારનાં નામો સ્થળ પરની તકતીમાં નોંધવામાં આવશે.

સંપર્ક : પ્રમુખશ્રી નટવરલાલ જે. ભાટીયા; લેખક-પત્રકાર, પટેલ સ્ટ્રીટ, દામનગર-૩૬૫૨૨૦.
મો. ૦૯૯૨૫૫ ૪૪૭૨૧.

ચીંતન (કોઇપણ વીશયના) નીશ્ણાતોના મગજ બંધ થઇ જવાથી તે બહુ ઓછા નવા વીચારોને આકર્શી શકે છે. જુના જ્ઞાનનો ભરાવો ખાલી કરો, જેથી નવું ગ્રહણ કરી શકાય. **- બકુલ બક્ષી**

મોરારીબાપુ અને રેશનાલીઝમ

- પ્રા. રમણ પાઠક

સમાજમાં સંવાદીતા સ્થાપવા માટે બીજા પ્રત્યે કરુણા હોવી જરુરી છે. પોતાને લાધેલા સત્ય ઉપરાંત બીજાના સત્યને સ્વીકારવાની તૈયારી પણ જોઇએ. ઉપદેશ કરતાં આચરણ મહત્ત્વનું છે. જે આચરણ કરતા નથી તેમના ઉપદેશને પ્રજા ઓળખી જતી હોય છે. **- મોરારીબાપુ**

(કૈલાસધામ-મહુવા ખાતે યોજાયેલા સદ્‌ભાવના પર્વના સમાપન પ્રસંગે બાપુએ ઉચ્ચારેલા શબ્દોઃ સં. ડંકેશ ઓઝા)

ભાઇ ડંકેશ ઓઝા પીઢ રેશનાલીસ્ટ છે અને ઘણા સક્રીય છે. તેઓએ આ સદ્‌ભાવના પર્વ પરત્વે ભાવાત્મક (Positive) અભીગમ દાખવ્યો છે, એ હકીકત મને ઘણી આવકાર્ય તથા આશાસ્પદ પ્રતીત થાય છે અને ખુશી ઉત્પન્ન થાય છે; કારણકે ડંકેશભાઇ આમ તો કડક તથા હીંમતબાજ આલોચક છે. આ પર્વ મુળભુત રીતે તો જેમણે એને પોતાની જ 'ગરજ' લેખાવી છે, એવા વીશ્વગ્રામવાળા સંજય-તુલાની પહેલથી યોજાયેલું અને મોરારીબાપુ તો ફક્ત એના યજમાનની ભુમીકામાં જ હતા અને એ ભુમીકા તેઓએ અંતરના ઉમળકા સહીત પોતાની પણ આ દીશામાં કશીક ગંભીર ફરજ છે (તેઓના જ શબ્દો પ્રયોજું તો 'ગરજ છે') એવા સંનીશ્ઠ ભાવે નીભાવી. વીશ્વગ્રામ સંસ્થા માનવતા, બંધુતા, વીશ્વ ઐક્યની ભાવના સ્થાપના, વીવીધ જુથો વચ્ચે સંવાદ સ્થાપવા માટેના, ભેદની ભીત્યું ભાંગવા માટેના જે દ્રશ્ટીવંત, બળવાન તથા નીરંતર પ્રયત્નો કરતી રહે છે. એનેય આ પ્રસંગે આ કાર્યક્રમ સહીતના આવાં અનેક કાર્યો બદલ ધન્યવાદ અચુક આપીએ !

''બાપુ, તમે હવે સામાન્ય કથાકાર રહ્યા જ નથી. બાપુ, હીન્દુ ધર્મની અવધારણા પર રચાયેલી રામકથાના કથાકારમાંથી ગુજરાતના જાહેર જીવનના લોકપુરુશ તરીકે આપ આગળ આવો એવું ગુજરાતની રીબાતી સંસ્કૃતીનો આત્મા ઝંખી રહ્યો છે.''

આ કાર્યક્રમમાં સુરતની રેશનાલીસ્ટ સંસ્થા-સત્યશોધક સભાના અગ્રણી વીદ્વાન વીચારક ડૉ. બી. એ. પરીખે પણ હાજરી સંભવતઃ આપી હોય એમ લાગે છે. પાકી જાણ નથી, પરંતુ આ સંમેલન વીશે તેઓએ લખેલ લેખ પણ ઘણો વાસ્તવીક તથા તાત્ત્વીક હોવાની સાથે સાથે જ સમર્થક અને હકારાત્મક અભીગમયુક્ત પણ છે; જેથી વળી અને વધુ પ્રસન્ન થયા. તેઓ એક પાયાનું સત્ય, તથ્ય યા શરત પ્રસ્તુત કરતાં લખે છે કે **''ધાર્મીક સંવાદીતા સ્થાપવા, ધર્મનો ઇન્કાર કરીને, તમે લોકોને આકર્શી શકશો નહીં. તેથી મોરારીબાપુ જેવાએ સંવાદ ફેલાવવાની દીશામાં આગેવાની લીધી છે, એ જરુરી અને પ્રશંસનીય પણ છે. (એજ રીતે) મોરારીબાપુ કાળાંતર મારી કથામાં રામ-હનુમાન પ્રત્યક્ષ હાજર રહે છે-એવા અંધવીશ્વાસમાંથી નીકળી જાગ્રત સમાજ સુધારણાવાદી તેમજ વીચારવંત અગ્રણી બન્યા છે, એ પરીવર્તન પણ આવકારદાયક છે.''**

એક પ્રખર વીદ્વાન તથા પીઢ રેશનાલીસ્ટ આગેવાન એવા આપણા ડૉ. પરીખસાહેબે બાપુની આ અંશતઃ બદલાયેલી અને વાસ્તવીકતાની નક્કર ધરતી ઉપર વીસ્તરી રહેલી પ્રવૃત્તીને આ રીતે બીરદાવી એ હકીકત વર્તમાન આબોહવામાં વીશેશભાવે સુપ્રસ્તુત તથા આવકારદાયક સીદ્ધ થાય છે, એનાં કારણો હવે સંક્ષેપમાં ચર્ચીએઃ પરંતુ એ માટે મારા નહીં, પરંતુ પ્રથમ હું જાણીતા પ્રગતીશીલ કર્મશીલ ઉત્તમ પરમારના શબ્દો જ ટાંકું: ''બાપુ, તમે હવે સામાન્ય કથાકાર રહ્યા જ નથી. બાપુ, હીન્દુ ધર્મની અવધારણા પર રચાયેલી રામકથાના કથાકારમાંથી ગુજરાતના જાહેર જીવનના લોકપુરુશ તરીકે આપ આગળ આવો એવું ગુજરાતની રીબાતી સંસ્કૃતીનો આત્મા ઝંખી રહ્યો છે.'' પરમારના આવા વીધાનમાંથી એક વ્યંજનાત્મક ધ્વની એવો પણ સાંભળી શકાય છે કે મોરારીબાપુ હવે સ્પશ્ટ રીતે ગુજરાતના જાહેર જીવનમાં વ્યાપેલા ઝેરી વાતાવરણના શુદ્ધીકરણના કાર્યમાં અન્ય પ્રગતીશીલ-કર્મશીલો સાથે સહકાર સહીત સક્રીય બની રહ્યા છે, જે એક આનંદ ઘટના તથા આશાસ્પદ સંકેત છે, એમ સૌએ પુર્વગ્રહમુક્ત થઇને સ્વીકારવું જોઇએ. આવા પરીવર્તનના અન્ય પુરાવાઓ પણ નક્કર તથા સુખદ રીતે ગોચરીભુત થાય છે. દા.ત. ગુજરાતના પ્રગતીશીલો, માનવવાદીઓ (હ્યુમેનીસ્ટ), માનવ અધીકારવાદીઓ, દા.ત. પી.યુ.સી.એલ.ના સુત્રધારો વગેરે સાથેનો બાપુનો સહકારી સંપર્ક વધી રહ્યો છે. 'ગુજકોક' બાબતના વીવાદમાં બાપુએ જે નીખાલસ, નમ્રતાપુર્ણ

અભીગમ આ મીત્રો સાથેની ચર્ચાવીચારણામાં દાખવ્યો, એ પણ ઉચ્ચ કક્ષાના એક સંત તરીકે બાપુને મુલવીએ ત્યારે સાનંદ અભીનંદનીય જ પ્રતીત થાય. કારણ કે ભાગ્યે જ અન્ય કોઇ નાના-મોટા સાધુસંત આવી બાબતોમાં આવા કર્મશીલો સાથે આદરમાન સહીત આવો માનવીય વ્યવહાર દાખવે છે. એથી ઉલટું, થોડા વર્શ પુર્વે એવા સમાચાર વાંચવામાં આવેલા કે સાધુસંતોની એક મોટી સભામાં એવો સુર યા ઠરાવ વ્યક્ત થયો કે, 'રેશનાલીસ્ટોને મારવા જોઇએ, એમાં કોઇ પાપ નથી, બલકે, એ ધર્મ છે. !'

બીજી બાજુ મોરારીબાપુ રેશનાલીસ્ટોને વધુ ને વધુ આદર કરતા બની રહ્યા છે: હમણાં એક લેખમાં વાંચવામાં આવ્યું કે, ''રમણ પાઠક કશીક લાલચવશ મોરારીબાપુના ખોળામાં બેસી ગયા છે.'- એવા આક્ષેપનો જાહેરમાં રદીયો આપતાં બાપુએ કહ્યું કે, 'અમે રમણબાપાને ખોળે બેસી ગયા છીએ !'' શૌચાલયના લાભાર્થે રામકથાનો સુચીતાર્થ સ્પશ્ટ જ છે કે, બાપુ રેશનાલીઝમ પ્રતી વધુ ને વધુ ઢળી રહ્યા છે. મતલબ કે તેઓ રેશનાલીસ્ટો તથા તેઓની વીચારધારાનો અંતરથી આદર કરે છે. લેખમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, બાપુ રેશનાલીઝમના પ્રચારમાં સક્રીય મદદ પણ કરી રહ્યા છે અને પોતે પણ રામના હાથમાંથી ત્રીશુળ છોડાવવા જેવી પ્રગતીશીલ યગુસંગત યોજનાઓ ઘોશીત કરી રહ્યા છે. વધુમાં વળી, વીવેકબુદ્ધીવાદના (રેશનાલીઝમના) પ્રચાર કરતા એક પુસ્તકને શાળા-કૉલેજો આદી ખાતે મફત વહેંચવા માટે બાપુએ પ્રકાશકને આર્થીક મદદ કરી હોવાના સમાચાર પણ વાંચવામાં આવ્યા છે. ગુલાબ ભેડા સાથેની બાપુની મુલાકાતનો હેવાલ પણ આ સંદર્ભે વાંચવા જેવો છે. (વીવેકપંથી ૮૪).

અત્રે, મારા પ્રત્યેના બાપુના ખાસ આત્મીયતાભાવ અંગે પણ થોડી નોંધ તથા સ્પશ્ટતા કરી લઉં. કારણ કે હમણાં જ એક પાક્ષીકમાં અમારા સંબંધો વીશે ઘણું એલફેલ લખાયું. (એક મીત્રે તો એવું પણ લખ્યું કે, રમણ પાઠક તો દારુ પીએ છે. ખેર, એ તો હોય !) જેનો પ્રધાનસુર પણ એવો જ કે મને કશીક લાલચ છે; જ્યારે મોરારીબાપુ સર્વસ્વીકૃતી માટેના આવા બધા પેંતરા ખેલે છે, કારણ કે તેઓ ઉસ્તાદ મુત્સદી છે. મને નવાઇ તો એ વાતની લાગે છે કે મારા જેવા પામર, અતીવૃદ્ધ તથા નીર્બળ જણ પાસેથી આવા વીશ્વમાનવ પુરુશે શું મેળવવાનું હોય કે, તેઓ મારો આટલો આદર કરે ? બીજી બાજુ, હું પણ કશું માગતો નથી, બાપુ સાથે આફ્રીકા-અમેરીકા કદી ગયો નથી. કદીય અસ્મીતા પર્વમાંય નહીં ! અરે, શબ્દોની આપ-લેય અત્યંત મર્યાદીત-આંગળીને વેઢે ગણી શકાય એટલી ! કારણ કે શું બોલવું ? એની જ મારી પ્રકૃત્તી મુજબ મને ફાવટ નહીં. છતાં મેં એક વાર સુસંકોચ સુચન કર્યું કે બાપુ, આપણે અભીવાદનમાં જે 'જય' શબ્દ પ્રયોજીએ છીએ એ આપણા પુર્વજોના પુરાણા યુદ્ધખોર માનસનો અનુચીત અવશેશ છે. માટે 'જય'ને બદલે શીખભાઇઓની જેમ 'સત્' શબ્દ વાપરીએ તો ? દા.ત. 'સતશ્રી અકાલ'ની જેમ 'સતસીયારામ' કે 'સતકૃશ્ણ' ! મને જાણવા મળ્યું કે મારા આ નમ્ર સુચનને બાપુએ જાહેરમાં સમર્થન આપ્યું. કેવી નીખાલસ નમ્રતા ! એવી જ રીતે નવસારીની કથામાં બાપુએ મારા નામોલ્લેખ સહીત 'વીવેક' (રેશનલ અભીગમ) ઉપર ખાસ ભાર મુક્યો.

મારા જેવા પામર, અતીવૃદ્ધ તથા નીર્બળ જણ પાસેથી આવા વીશ્વમાનવ પુરુશે શું મેળવવાનું હોય કે, તેઓ મારો આટલો આદર કરે ?

છેલ્લે એક અન્ય દાખલો. હું નજીકના બાબેન ગામના સરપંચને લઇને બાપુને મળગા ગયો, તો ખુબ આદરપુર્વક તેઓએ અમને ખાસ મુલાકાત આપી. અમારી વીનંતી હતી કે ગામમાં આપણે બાંધેલા શૌચાલયની સંખ્યા ઓછી પડે છે, તો આપ કંઇ મદદ કરી શકો ? બાપુએ કહ્યું, ''અહીંથી જતાં પહેલાં હું કંઇક ગોઠવી જઇશ. પછી તો કથા પુરી કરતાં જ ઉતાવળને કારણે તેઓ તત્કાળ ચાલ્યા ગયા. મને થયું કે બાપુ અમારી વીનંતીના સ્વીકારની વાત ભુલી ગયા ! પણ ના, ત્રીજે જ દીવસે તેઓનો ફોન આવ્યો કે, 'પાંચ લાખ રુપીયા પહોંચાડું છું' રઘુકુળની કથા કરનારા બાપુ આવા વચનપાલક તો હોય જ ને ? (પ્રાણ જાય, પણ.....) પરંતુ મારે ભાર તો એ હકીકત પર મુકવાનો છે કે, મારા જેવા એક સામાન્ય નાના માણસ, ઉપરાંત નાસ્તીક-રેશનાલીસ્ટ પ્રત્યેય બાપુનો કેવો કદરદાન, નીર્ગ્રંથ ઉદાર વ્યવહાર !

આમ છતાં, અમારા કેટલાક મીત્રો બાપુની ટીકા કરે છે અને કહે છે, કે બાપુ આ બધો દંભ-દેખાડો કરે છે. તેઓ રેશનાલીસ્ટ નથી. મોરારીદાસે સર્વપ્રથમ તો તેઓનો બહુરુપી જેવો વીચીત્ર વેશ-હાથમાં રામનામી માળા, પગમાં ચાખડી, તીલક, કાળી કામળી વગેરે

છોડી દેવાં જોઇએ, યજ્ઞ ન કરવો જોઇએ વગેરે... વગેરે ! પરંતુ બાપુએ ક્યારેય એવો દાવો નથી કર્યો કે પોતે રેશનાલીસ્ટ છે. મારે મન, મહત્ત્વની હકીકત ફક્ત એટલી જ છે કે, બાપુ રેશનાલીસ્ટો પ્રત્યે ખાસ આદર ધરાવે છે. વીવેકબુદ્ધીનાં અમુક પાસાંના તેઓ પ્રશંસક-સમર્થક છે; અને રેશનાલીસ્ટોને યથાશક્તી મદદ કરે છે... તેઓના એક સમર્થકે બહુ સરસ જવાબ વાળ્યો કે બહાર વીશ્વભરમાં બાપુની મોટી નામના છે. અપરંપાર સુકીર્તી છે, દુનીયાભરમાં તેઓના અસંખ્ય-અસંખ્ય ભક્તો છે. એવા સમર્થ પુરશને તમારા મુઠ્ઠીભર રેશનાલીસ્ટોની એવી તે શી પડી હોય કે તેઓ તમારી આગળ દંભ-દેખાડા કરે ? બાપુ તો કહે છે કે વ્યક્તીનો 'ગણવેશ' નહીં, 'ગુણવેશ' જુઓ !

ભરતવાક્ય : રમણ પાઠક સુટ-બુટ-ટાઇ પહેરીને ફરે છે, માટે તેઓ રેશનાલીસ્ટ નથી. તેઓ રેશના. હોવાનો ફક્ત દંભ-દેખાડો જ કરે છે.

[ગતાંકમાં એન. વી. ચાવડાએ જેનો પ્રતીભાવ આપ્યો છે તે તા. ૬-૬-૦૯ના 'ગુજરાત મીત્ર'ના 'રમણભ્રમણ'માં છપાયેલો લેખ]

રામાયણ

મુળ રામાયણ તો વાલ્મીકીનું જ: તેના પરથી તુલસીદાસે પોતાની રીતે રામાયણ રચી અને હવે મોરારીબાપુની મનન-કમ-મનોરંજન પુરું પાડતી રામાયણ પારાયણને લોકો હોંશેહોંશે વધાવે છે. - દીપક સોલીયા [તેમના એક લેખમાંથી]

પીતાની શરદી મટાડવા વીશાલ મરી ગયો ?

તાંત્રીકના કહેવાથી રાજકોટનો પુરુશ નીર્દયી બન્યો

ઑગસ્ટના પહેલા અઠવાડીયાની વાત.... પેટમાં રસી થવાને કારણે અત્યંત તાવ સાથે રાજકોટની સીવીલ હૉસ્પીટલમાં દાખલ કરવામાં આવેલા ૧૧ મહીનાના વીશાલને તેના પપ્પા વસ્તાભાઇ અગ્રાવતને શરદી મટતી નહીં હોવાથી તાંત્રીક પાસે ગયા અઠવાડીયે ડામ આપવામાં આવ્યા હતા. રાજકોટના મવડી મેઇન રોડ વીસ્તારમાં રહેતા વસ્તાભાઇએ પોલીસ પાસે કબુલ કર્યું હતું કે વીશાલના જન્મ પછી સતત શરદી રહેતી હોવાથી તેમણે તાંત્રીકનો સંપર્ક કર્યો હતો. આ તાંત્રીકે એવું કહ્યું હતું કે જો તેમના પુત્રની છાતી પર ગરમ સોયથી ત્રીકોણના ત્રણ ખુણા બનાવવામાં આવે તો શરદી કેદ થઇ જાય અને તેને કાયમ માટે શરદીથી છુટકારો મળી જાય. પતીને સારું થઇ જાય એ માટે વીશાલની મમ્મીએ પણ તાંત્રીકની વાત માનીને અગીયાર મહીનાના પુત્ર વીશાલની છાતી પર તાંત્રીકને વીધી કરવા દીધી.

વીધી દરમીયાન આખી રાત ગરમાગરમ સોય વીશાલના પેટ પર ખોસેલી રાખવામાં આવી હતી. વીધી પછી એક અઠવાડીયા સુધી વીશાલને કોઇ સારવાર મળી નહીં હોવાથી તેના પેટમાં રસી થઇ ગઇ અને .....

સબ સે બડા રોગ
'ક્યા કહેંગે લોગ ?'
ä
મરનારાને રોનારા હજારો મળે છે,
જીવતાને મળનારા ક્યાં મળે છે ?
ä
આયને કે સો ટુકડે કર કે હમને દેખા હૈ,
એક મેં ભી તન્હા થા, સો વે ભી તન્હા હૈ.

રણને વટાવી જા, તો સમંદર ઇનામમાં
પર્વત ચઢી આવ તો શીખર ઇનામમાં
ઠેકીને આવે ધર્મના વાડાની વાડ તો
એ માટે રાખ્યો છે, ઇશ્વર ઇનામમાં

-કીસ્મત કુરેશી
પ્રેશક : ધીરુ મીસ્ત્રી

ગાંધીનગર રે. ઍસોસીયેશન

ચતુર ચૌહાણની અધ્યક્ષતામાં સામાન્ય સભા

ગાંધીનગર જીલ્લા રેશનાલીસ્ટ ઍસોસીયેશનની વાર્ષીક સામાન્ય સભા તા. ૭મી જુન ૨૦૦૯ના રોજ ગાંધીનગર મુકામે યોજાઇ ગઇ. અતીથીવીશેશ અમદાવાદના અગ્રણી રેશનાલીસ્ટ ચતુરભાઇ ચૌહાણ હતા.

વાર્ષીક હીસાબો અને અહેવાલ મહામંત્રી પંકજ પટેલે રજુ કરતાં સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા.

ઍસોસીએશન દ્વારા સમાજમાંથી વહેમ, અંધશ્રદ્ધા દુર કરવા તેમજ બાળકો અને યુવાનોનું વૈજ્ઞાનીક અભીગમ સાથેનું ઘડતર થાય તે હેતુથી જીલ્લાની વીવીધ સંસ્થાઓ, સ્કુલો, કૉલેજો વગેરેમાં 'વીજ્ઞાન શીબીરો' યોજવાના ભાવી કાર્યક્રમો ઉપર ચર્ચા કરી યોગ્ય નીર્ણય કરવામાં આવ્યો હતો.

નજીકના ભવીશ્યમાં 'રાજ્યકક્ષાનું અધીવેશન' બોલાવવા વીશે ચર્ચાવીચારણા કરવામાં આવી હતી.

ત્યાર બાદ ચતુરભાઇ ચૌહાણે વહેમ અને અંધશ્રદ્ધા વીશે પોતાનું વક્તવ્ય રજુ કરી કેટલાક ચમત્કારોના પ્રયોગોનું નીદર્શન પણ કર્યું હતું. ચંદુભાઇ મહેરીયાએ પણ પોતાના વક્તવ્યમાં રેશનલ વીચારધારાનો સમાજમાં વધુ ને વધુ પ્રચાર-પ્રસાર થાય તે બાબત ઉપર ભાર મુક્યો હતો.

નીચે મુજબની 'કારોબારી'ની પુનઃ રચના કરવામાં આવી હતી.

ભીખાભાઇ અમીન-પ્રમુખ, અનીલભાઇ પટેલ અને બળવંતભાઇ પટેલ-ઉપપ્રમુખો, પંકજભાઇ પટેલ-મહામંત્રી, દીપકભાઇ નમહા-સહમંત્રી, ભાનુપ્રસાદ પુરાણ અને હસમુખભાઇ પટેલ-સલાહકારો.

કારોબારી સભ્યો : રમણભાઇ રોહીત, સોમાભાઇ વાઘેલા, કલ્પેશભાઇ ચૌહાણ, ડી. કે. રાઠોડ, સી. જે. રાઠોડ, બીપીનભાઇ રાધનપુરા, નારણભાઇ વાઘેલા, રમેશભાઇ ગાંધી (કલોલ), હર્શદભાઇ રાઠોડ (દહેગામ).

ભાનુપ્રસાદ પુરાણી, બળવંતભાઇ પટેલ, અનીલભાઇ પટેલ, ચંદુભાઇ મહેરીયા સહીત જીલ્લામાંથી બહોળી સંખ્યામાં રેશનાલીસ્ટ મીત્રોએ સભામાં ઉમળકાભેર ભાગ લીધો હતો. સંચાલન પંકજભાઇ પટેલે તથા આભારદર્શન ભીખાભાઇ અમીને કર્યું હતું.

બધા સાપ ઝેરી નથી હોતા

સ્નેક લવર્સ ક્લબ-ગાંધીનગર સાથે મળીને નાગપંચમીના દીવસે ઓમકાર વીદ્યાલય ખાતે એક વીશેશ કાર્યક્રમ 'સાપ વીશેની માન્યતાઓ અને સમજણ' યોજાઇ ગયો.

સ્નેક લવર્સ ક્લબના ધર્મેન્દ્રભાઇ ત્રીવેદીએ જણાવ્યું કે ૨૫૦ જેટલા સાપોની જાતીઓ છે. જેમાંથી માત્ર ૫૦ સાપો જ ઝેરી છે. સાપ કરડતાં ભુવા-તાંત્રીકો પાસે ન જતાં ડૉક્ટર પાસે જવું જોઇએ.

ઍસોસીએશનના પ્રમુખ ભીખાભાઇ અમીને જણાવ્યું કે ધાર્મીક માન્યતાઓને લીધે તથા ફીલ્મોમાં દર્શાવાતા સાપોના ચમત્કારોને લીધે જ સમાજમાં અંધશ્રદ્ધા મજબુત બનતી હોય છે. સાપ વીશેની પ્રચલીત અંધમાન્યતાઓ પર એમણે પ્રકાશ પાડ્યો હતો.

નીસર્ગ સાયન્સ સેન્ટરના અનીલભાઇ પટેલે વીદ્યાર્થીઓ સમક્ષ વીવીધ ચમત્કારો દર્શાવ્યા હતા.

અંતમાં સૌને સાપ વીશેની સચીત્ર જાણકારી દર્શાવતી પત્રીકાઓ વહેંચી 'નાગપંચમી'ની વૈજ્ઞાનીક અભીગમ સાથે ઉજવણી કરી હતી.

'રાજકારણ સાથે ધર્મ ભેળવવો જોઇએ નહીં' ડૉ. ગણેશ ખૈરે

માનવ સેવા ટ્રસ્ટ-કપુરા સંચાલીત પ્ર.અને ભા. વીદ્યાલય-કપુરા, તા. વ્યારા. જી. તાપી, ખાતે ૬૩મા સ્વાતંત્ર્ય દીનની ઉજવણી કરવામાં આવી, જેમાં ગામની પ્રાથમીક શાળા તથા હાઇસ્કુલમાં વીદ્યાર્થીઓ દેશભક્તીનાં ગીતો અને નારાઓ બોલતા-બોલતા સરઘસ આકારે આખા ગામમાં ફર્યા હતા. અંતમાં સભા સ્વરુપે પ્ર. અને ભા. વીદ્યાલયનાં પટાંગણમાં ડૉ. ગણેશ ખૈરેના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું, જેમાં સંસ્થાના ઉપપ્રમુખ રમેશભાઇ ભક્ત, મંત્રી ભીખુભાઇ અમીન, અન્ય કારોબારી સભ્યો તથા ગામના નાગરીકો ઉપસ્થીત રહ્યા હતા.

ડૉ. ગણેશ ખૈરેએ પ્રાસંગીક પ્રવચનમાં શીક્ષણ, રાજકારણ તથા ધર્મમાં રેશનલ વીચારો ઉમેરવા પર ભાર મુકતાં જણાવ્યું હતું કે રાજકારણની ધર્મનીરપેક્ષતા જ લોકશાહી સફળ બનાવી શકે. રાજકારણ-ધર્મ સાથે ભેળવવું ન જોઇએ. તેમણે ધર્મને અંગત બાબત તરીકે જોવાની વાત કરી હતી. જાહેરમાં તેનો દેખાડો-દંભ વીખવાદ ઉભો કરે છે, કહી ધર્મની સીમા-મર્યાદા નક્કી કરવા જણાવ્યું હતું. શીક્ષણ ફક્ત લાંબુ-પહોળું નહીં, પરંતુ ઉંડું હોવું જરુરી હોવાનું કહી તેની ગુણવત્તા પર ભાર મુક્યો હતો. ત્યારબાદ આદી જાતીની ધો. ૮ની બાળાઓને સરકાર તરફથી મળેલ સાઇકલોનું વીતરણ કરવામાં આવ્યું હતું.

ઇશ્વરભક્તીમાં કોઇ શક્તી નથી

- સીદ્ધાર્થ શાક્ય

ઇશ્વરભક્તીમાં જો શક્તી હોત તો આપણે બે હજાર વર્શ સુધી ગુલામ ના રહ્યા હોત. આપણે પરદેશીઓ સામે કાયમ હારતા ન રહ્યા હોત. નાદીરશાહ, ચંગીઝખાન, મહમ્મદ ઘોરી અને ગઝની જેવા અને વીદેશી આક્રમણખોરોએ લાખો મંદીરો તોડ્યાં, લાખો પ્રાણપ્રતીશ્ઠીત મૂર્તીઓ તોડી, લાખો આબાલવૃદ્ધોની કત્લેઆમ કરી, લાખો સ્ત્રીઓની આબરુ લુંટી, અબજોની લુંટ ચલાવી ગયા. આપણે ઇશ્વરને પ્રાર્થના-પુજા, હોમ-હવન, યજ્ઞાદી અનેક પ્રકારનાં ક્રીયાકાંડો કરતા રહ્યા, છતાં આપણાં આક્રંદો સુણી ઇશ્વર ક્યારેય આપણી મદદે આવ્યો નહીં.

ઇશ્વરભક્તીમાં જો શક્તી હોત તો યાત્રાએ જતાં યાત્રાળુઓનાં કમોત થાત જ નહીં. તીર્થયાત્રાએ અને હજયાત્રાએ જતા યાત્રાળુઓના અકસ્માતે થતાં કમોતમાં પણ જો ઇશ્વરકૃપા જ રહેલી હોય તો બળાત્કાર અને આતંકવાદી હુમલાઓમાં પણ ઇશ્વરકૃપા માનીને તેનો સ્વીકાર કરી લેવાને બદલે તેની સામે કેમ ઉગ્ર ઉહાપોહ કરવામાં આવે છે ? ખુન, લુંટ, ધાડ વગેરેને કેમ ઇશ્વરકૃપા ગણવામાં આવતાં નથી ?

આપણા દેશની મહીલાઓ બહુ ભક્તીભાવવાળી અને ધાર્મીક પ્રકૃત્તીની ગણાય છે. શીશુવયથી જ તે ગૌરીવ્રત, એકાદશી, સોળ સોમવાર, સંતોશીમા, દશામા, વૈભવલક્ષ્મી આદી વ્રત-ઉપવાસો, જપ-અનુશ્ઠાન, બાધા-આખડી કરતી રહે છે, છતાંય દેશમાં સ્ત્રી ક્યાંય સલામત નથી. માતાના ગર્ભમાં પણ તે સલામત નથી. અર્થાત્ ઇશ્વરભક્તીમાં રમમાણ માતાને પોતાના ગર્ભસ્થ સ્ત્રીભૃણની હત્યા કરતાં આંચકો આવતો નથી. આવી જ ભક્તીવ્રતી સાસુ-નણંદ મળીને એમના જેવી જ ભક્તીવ્રતધારીણી પુત્રવધુને દહેજને વાંકે મોતને ઘાટ ઉતારી દે છે ત્યારે ઇશ્વર કે દેવી-દેવ કોઇ દુ:ખી પુત્રવધુની મદદે નથી આવતું કે ક્રુર સાસુ-નણંદને સદ્બુદ્ધી પણ નથી આપતું. પ્રત્યેક પળે સ્ત્રીઓ ઉપર બળાત્કારો થઇ રહ્યા છે, એ સંજોગોમાં સ્ત્રીઓની ઇશ્વરભક્તીનો કયો અર્થ રહેલો છે ?

સદીઓથી દલીતો ઇશ્વરભક્તી કરે છે. છતાંય એમનાં દુ:ખ-દર્દોના નાશ માટે ઇશ્વર ક્યારેય અવતાર ધારણ કરતો નથી. ઇશ્વર ફક્ત બ્રાહ્મણોનાં દુ:ખો દુર કરવા જ અવતાર લેતો હોય તો એવા ઇશ્વરને જગતનો તાત, ન્યાયી, દયાળુ અને સર્વશક્તીમાન કેમ કહેવાય ? ભક્તીમાં જો શક્તી હોત તો ઇશ્વર દરેકની પ્રાર્થના સાંભળતો હોવો જોઇએ કે નહીં ?

અંધકાર દુર કરવા

આપણા પુરાણકારો અને આજના કથાકારો પણ કહે છે કે ભગવાન રામચંદ્ર લાખો વર્શ પહેલાંના કહેવાતા ત્રેતાયુગમાં થઇ ગયા. પરંતુ ત્યારે પ્રશ્ન એ ઉઠે છે કે આપણા દેશની ૫૦૦૦ વર્શ પહેલાંની સીંધુઘાટીની સંસ્કૃતીના અવશેશોમાં રામ, રાવણ, પરશુરામ, હનુમાન, વશીશ્ઠ, વાલ્મીકી આદી રામાયણકાળનાં પાત્રો અને અન્ય સ્થળ-વીશેશોના, તે સમયની સંસ્કૃતી અને ધર્મના પણ કોઇ સંકેતો કેમ મળતા નથી ? અહેવાલો કહે છે કે સીંધુઘાટીની સંસ્કૃતીની ૫૦૦૦ વર્શ પહેલાંની આપણી પ્રજા શીક્ષીત, સુવીકસીત અને આધુનીક નગરોમાં વસનારી પ્રજા હતી. તો આવી સુસંસ્કૃત અને મહાન પ્રજાને રામાયણકાળનું જ્ઞાન ન હોય એ કેવી રીતે સંભવે ?

સીંધુઘાટીની સંસ્કૃતીમાં રુગવેદના ઇન્દ્ર, બ્રહ્મા, વીશ્ણુ, લક્ષ્મી, સરસ્વતી આદી દેવી-દેવતાઓ, સંસ્કૃતભાશા, યજ્ઞકુંડો-યજ્ઞમંડપો, વર્ણવ્યવસ્થા મુજબના અલગ અલગ મહોલ્લાઓ, રાજમહેલો અને મંદીરોના પણ કોઇ અવશેશો જોવા મળતા નથી. એનો અર્થ તો એમ થાય કે સીંધુઘાટીની સંસ્કૃતી રુગ્વેદકાળ પહેલાંની છે. અર્થાત્ રુગ્વેદકાળ ૫૦૦૦ વર્શ કરતાં જુનો નથી. વળી રુગ્વેદકાળમાં પણ રામ, રાવણ, હનુમાન આદી નથી. મતલબ કે રુગ્વેદકાળના મહાન રુશી-મુનીઓને પણ રામાયણકાળનું કોઇ જ્ઞાન નહોતું.

આજથી ૨૫૦૦ વર્શ પહેલાં થઇ ગયેલા મહાવીર અને બુદ્ધના ૪૫ વર્શના ધર્મપ્રચારના કાર્યકાળમાં એમણે રામાયણ વીશે કોઇ ચર્ચા કરી નથી કે રામ-રાવણ વીશે એમને લાખો વીદ્વાન પ્રશ્નાર્થીઓમાંથી કોઇએ કદી પ્રશ્ન પુછ્યો નથી. અર્થાત્ ૨૫૦૦ વર્શ પહેલાં પણ આપણો સમાજ અને વીદ્વાનો રામથી અજાણ જેવા હતા.

આ બધો ઇતીહાસ જોતાં પ્રશ્ન અહીં એ ઉપસ્થીત થાય છે કે ૫૦૦૦ વર્શ પહેલાંના સીંધુઘાટીની સંસ્કૃતીના લોકો, વેદકાળના લોકો, ૨૬૦૦ વર્શ પહેલાંના બુદ્ધકાળના લોકોને રામ-રાવણ આદીનું કોઇ

Please purchase PDFcamp Printer on http://www.verypdf.com/ to remove this watermark.

જ્ઞાન નહોતું તો પછી માત્ર ૧૦૦૦ વર્ષ પહેલાંના પુરાણકાળના વીદ્વાનોને લાખો વર્ષ પહેલાં થઇ ગયેલા રામ-રાવણના સમયનું તલસ્પર્શી જ્ઞાન કેવી રીતે થઇ ગયું ? ઇતીહાસ આસ્થાનો વીશય તો નથી જ ને ?

કોઇને અહીં દલીલ કરવાનું મન થશે કે પુરાણકારો દીવ્યદશ્ટીવાળા, આર્શદ્રશ્ટા રુશી-મુનીઓ હતા, પરંતુ તો પછી પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે વીવીધ પુરાણોમાં સૃશ્ટીની ઉત્પત્તી અને તેમાંની કથા-ઉપકથાઓમાં ભીન્નતા અને વીરોધાભાસ કેમ જોવા મળે છે ? દયાનંદ સરસ્વતી જેવા અનેક મહર્શીઓએ પુરાણોને ગપગોળા કેમ કહ્યા ? ભાગવતાદી પુરાણોમાં કળીયુગમાં આમ થશે ને તેમ થશે એવી અનેક ભવીશ્યવાણીઓ કરવામાં આવી છે, ત્યારે તેમણે કહેવાતા કળીયુગમાં થયેલી લાખો વૈજ્ઞાનીક સીદ્ધીઓમાંની એક પણ સીદ્ધીની આગાહી કેમ કરી નથી ? કહેવાતા કળીયુગમાં પ્રત્યેક ઘરે મોટર અને પ્રત્યેક માણસ પાસે મોબાઇલ હશે એવી આગાહી કેમ નહોતી કરી ? નથી લાગતું કે અંધકાર ભલે લાખો વર્શોથી ગાઢ જામેલો હોય છતાં તે પ્રકાશના એક જ કીરણથી ક્ષણમાત્રમાં નાશ પામે છે, તેમ લાખો વર્શોનો અજ્ઞાનરુપી અંધકાર દુર કરવા માટે ચર્ચાપત્રરુપી આ એક જ જ્ઞાનકીરણ કાફી નથી ?

રાવણ ભારતીય રાજા હતો

રાવણના અસ્તીત્વના સંખ્યાબંધ પુરાવા ભારતમાં છે. આપણા દેશમાં રાવણનાં મંદીરોમાં આજે પણ રાવણની પુજા થાય છે. લાખો લોકો રાવણના ભક્તો છે. ગોંડ જાતીના લોકો રાવણને પોતાનો પુર્વજ માને છે. રાજસ્થાનમાં રાવણા રાજપુતો અસ્તીત્વ ધરાવે છે. ઘણા લોકો પોતાના પુત્રનાં નામ રાવણ રાખે છે.

મધ્યયુગમાં મેવાડના એક શાસકનું નામ કુંભકર્ણ હતું અને તેના પુત્રનું નામ મહારાવણ હતું. રાજસ્થાન-મધ્યપ્રદેશમાં દક્ષીણ દીશાને અને ઉંચા ટેકરાને પણ લંકા અને લંકેઉ કહેવામાં આવે છે. આ બધી બાબતો દર્શાવે છે કે રાવણની લંકા ભારતમાં જ મધ્યપ્રદેશમાં હતી.

રાવણ ભારતના એકાદ પ્રદેશનો જ રાજા હતો. રાવણ જો શ્રીલંકાનો રાજા હોત તો શ્રીલંકાની પ્રજા આજે તેને ઇશ્વરની જેમ પુજતી હોત. શ્રીલંકામાં તો રાવણને કોઇ જાણતું નથી. રાવણ જો શ્રીલંકાનો રાજા હોત તો ખર, દુશણ અને તાડકા જેવા રાક્ષસો દંડકારણ્યમાં રામને કેવી રીતે પડકારી શકે ? વળી રાવણના રાક્ષસો શ્રીલંકામાંથી ભારતમાં આવીને રુશીમુનીઓના યજ્ઞોનો ધ્વંશ શા માટે કરે ? રામે નર્મદા નદી પાર કરી જ નથી અને રામે રામેશ્વરમાં શીવલીંગની સ્થાપના કર્યાનો ઉલ્લેખ વાલ્મીકી રામાયણમાં તો છે જ નહીં.

[હરીનગર-૧, ઉધના, સુરત]

બે ડઝન ગુજરાતીઓની સંપત્તી રુ. ત્રણ લાખ કરોડ પર પહોંચી

દેશનો પ્રત્યેક ચોથો અબજોપતી ગુજરાતી છે

અબજોપતીઓની સંખ્યા હાલ ૧૦૦ની આસપાસ છે, તેમાંથી ૨૪ ગુજરાતી છે.

દેશની કુલ વસતીના પાંચ ટકા હીસ્સો ધરાવતા પાંચ કરોડ ગુજરાતીઓની છાતી ગજગજ ફુલે એવા સમાચાર છે. દેશમાં સુપર સુપર રીચ ધનપતીઓ-જેમની સંપત્તી રુ. ૧૦૦૦ કરોડ કે તેથી વધુ છે એવા અબજોપતીઓની સંખ્યા હાલ ૧૦૦ની આસપાસ છે, તેમાંથી ૨૪ ગુજરાતી છે. ટોચના ત્રણે-ત્રણ ધનકુબેરો ગુજરાતી છે. ટોચના ૧૦માંથી પાંચ પણ ગુજરાતીઓ જ છે. આ શેરબજારની કમાલ છે !

ધીરુભાઇના ચીંધ્યા માર્ગે અંબાણીઓની મીની-આવૃત્તીની સંખ્યા દેશમાં ઝડપથી વધી રહી છે. મુડીસર્જન માટે શેરબજાર-મુડીબજારનો ઉપયોગ કેવી રીતે કરાય એનું બહેતરીન ઉદાહરણ દી. ધીરુભાઇ અંબાણી છે. તેમનામાંથી પ્રેરણા લઇ અનેક સાહસીકો બજાર ભણી વળ્યા છે, જેનાં પરીણામ આજે જોઇ શકાય છે. શેરના બજારભાવ અને જે તે કંપનીમાંના પોતાના હીસ્સાના તે ભાવે થતા બજાર-મુલ્યના આધારે જેમની શેરસંપત્તીનું મુલ્ય રુ. ૧૦૦૦ કરોડ કે તેથી વધુ થતું હોય એવી ૧૦૦ હસ્તીઓની કુલ સંપત્તી રુ. ૪ લાખ કરોડ જેટલી થવા જાય છે.

આ ૧૦૦માંથી પ્રત્યેક ચોથો અબજોપતી ગુજરાતી છે. આ બે ડઝન ગુજરાતીઓની સંપત્તી રુ. ત્રણ લાખ કરોડ થવા જાય છે. પાંચ-સાત વર્શ અગાઉ દેશના સુપર રીચ ગુજરાતીઓની ગણતરી કરવા એક હાથની આંગળીના વેઢા બહુ થઇ પડતા હતા, આજે ચાર હાથનાં આંગળાં પણ ઓછાં પડે એવી હાલત છે. જેમની શેરસંપત્તી રુ. ૧૦૦ કરોડથી રુ. ૧૫૦૦ કરોડ થતી હોય એવા તાલેવાન ગુજરાતી આજે બીજા ૫૦ મોજુદ છે !

[સંકલીત]

તંત્રીની કલમે

મહામુલી વસીયત

આ અંકના પહેલા પાને રેશનાલીસ્ટ મીત્ર નેમજી છેડાની વસીયત પ્રગટ કરી છે.

આવી વસીયતની વીશેશતા એ હોય છે કે એમાં શરીરસંપત્તીને મહામુલી સંપત્તી-શ્રેશ્ઠ સંપત્તી ગણવામાં આવી હોય છે. અન્યથા સામાન્ય રીતે માણસને શરીરસંપત્તીનું ઝાઝું મુલ્ય નથી હોતું. માંદગી સીવાય એની ખાસ ચીંતા પણ નથી હોતી, કારણકે શરીર મફતમાં મળેલું હોય છે.

હકીકતે શરીરસંપત્તી માટેનું વીલ એ શુદ્ધ રેશનાલીસ્ટ વીચાર છે અને એ અભીગમ માનવીય અભીગમ છે.

અહીં આપણે ૨૦૦૬ના જુન-જુલાઇમાં સુરતની સત્યશોધક સભાના ઉપક્રમે મળેલી ત્રીદીવસીય શારીરીક શીક્ષણ શીબીરમાં ઉપસેલા માનવદેહનું મુલ્ય સમજાવતા કેટલાક ધ્યાનાકર્શક મુદ્દા જોઇએ.

- દેહદાનમાં ગરીબ-અમીરનો ભેદ નથી હોતો. એ સૌથી મોટું દાન છે.
- પ્રયોગાર્થે માનવશરીર મળ્યા વીના ડૉક્ટર બની શકાતું નથી.
- તબીબી ક્ષેત્રે માનવદેહની સખત ખેંચ વર્તાતી હોય છે.
- મર્યા પછી પણ જીવતા રહેવા માટે દેહદાન ઉત્તમ છે.
- મનુશ્ય દેહના કુલ ૨૪ અંગોનું દાન થઇ શકે છે.
- એક મૃતકની બે આંખો બે અંધજનોને દેખતા કરી શકે છે.
- દેહદાન એ સર્વોચ્ચ અંતીમ સંસ્કાર છે.
- અવયવોનાં દાન કરી દીધા પછી શેશ રહેલા દેહ માટે ભુમીસંસ્કાર ઉત્તમ.

અંતીમ સંસ્કાર અને મરણોત્તર કીયાકાંડો વીશે માનવજાતમાં જે અજ્ઞાન પ્રવર્તી રહ્યું છે તે મોટામાં મોટું અજ્ઞાન છે. એમાં વીવેકબુદ્ધીનો લવલેશ પણ ઉપયોગ કરવામાં નથી આવતો. જો ઉપયોગ કરવામાં આવે તો માણસ સફાળો જાગી જાય.

જોઇએ પ્રવર્તમાન અજ્ઞાનનાં બે ઉદાહરણો : વહાલસોયા પુત્રના અવસાનથી વીહ્વળ થયેલી વયોવૃદ્ધ માતા પુત્રના મૃતદેહને વળગી વળગીને કલ્પાંત કરે છે, 'મારા પુત્રને નહીં લઇ જવા દઉં.' એના કલ્પાંતથી પીગળીને ડાઘુઓ 'ભલે, રાખી મુકો' કહેતાંકને જો ચાલતા થાય તો ! માતા મનથી તો જાણે જ છે કે પુત્રનો દેહ હવે કોઇ કામનો નથી. જો ઢીલ થશે તો ગંધાઇ ઉઠશે.

પુત્રને અગ્નીદાહ દેવા સ્મશાને ગયેલો વૃદ્ધ પીતા ભલે સાવ ભાંગી જ પડ્યો હોય, પણ મનથી તો સમજે જ છે કે પુત્રના દેહનું જેટલું વહેલું વીસર્જન થાય તેટલું જ હીતાવહ.

'જીવતો હાથી લાખનો અને મર્યા પછી સવા લાખનો' એવી કહેવત છે, પણ જીવતાં લાખના માણસની મરતાં કીંમત કોડીનીય નથી રહેતી. એના મર્યા પછી સૌથી તાકીદનું કામ એનો ઝટ નીકાલ કરી નાખવાનું જ હોય છે. ''પાંચ-પચીસ ભયે હૈં બરાતી. લે ચલ, લે ચલ હોતી, કહત કબીરા બુરા ના માનો, યે ગત સબ કી હોતી'' કબીર સાચું જ કહી ગયા છે.

પણ જીવતા લાખના માણસને મર્યા પછી કરોડોનો કરવાનો ઇલમ એટલે દેહદાન. નેમજી જેવા જાગૃતો જ જીવનની આ વાસ્તવીકતા સમજી શકે, જે પ્રત્યેક રેશનાલીસ્ટે સમજવી જોઇએ.

હવે બીજો મુદ્દો : વસીયત લખવી જેટલી સહેલી છે, તેટલો જ એનો અમલ અઘરો છે. કારણ કે પોતાના વીલનો અમલ માણસે પોતે કરવાનો નથી હોતો.

અંગ્રેજી વીલનો ગુજરાતી અર્થ છે ઇચ્છા અને કાનુની પરીભાશામાં એને અંતીમ ઇચ્છા ગણાવાઇ છે.

પણ મરનારની અંતીમ ઇચ્છા તેની પાછળ જીવનારાઓ પુરી કરશે જ તેની બાંહેધરી નથી હોતી. સ્થાવર-જંગમ મીલકત અને ભૌતીક સંપત્તી અંગેના વીલનો અમલ જેટલો સરળ હોય છે તેટલો દેહદાનના વીલનો અમલ સરળ નથી હોતો. આનું કારણ એ કે જે માન્યાતાઓ-જે સીદ્ધાંતો મરનારનાં હોય તે જ

તેના વારસદારોના પણ હોય એ જરુરી નથી. એમણે દુનીયાદારીનો વીચાર કરવો પડે તેવું પણ બને. સામાજીક રીવાજોનાં બંધનો પણ એમને નડી શકે છે.

આમ મામલો જરા પેચીદો લાગતાં થોડી કાનુની ચર્ચા મીત્ર ભગવાનજી રૈયાણી સાથે કરી. એમના મત અનુસાર સ્થાવર-જંગમ મીલકતોના વીલ રજીસ્ટર થઇ શકે છે તેમ દેહદાનના વીલ રજીસ્ટર થઇ શકતાં નથી. એના અમલનો સંપુર્ણ દારોમદાર વારસદારો પર જ રહે છે.

વરીશ્ઠ વકીલ મીત્ર નીમીશ પંડ્યાને પુછતાં એમણે કહ્યું , ''દેહદાનનું વીલ રજીસ્ટર ભલે ના થાય, પણ એક ચોક્કસ સરકારી ખાતું (જેનું નામ એ વખતે તેમને યાદ નહોતું તે) છે, જ્યાં દેહદાનનું વીલ નોંધાવી દેવાથી તેને કાનુની વજન મળે છે અને સૌથી જરુરી એ છે કે વીલ કરતી વખતે જ તમામ વારસદારોની તેના પર સહીઓ લઇ લેવી.''

આમ દેહદાનનું વીલ જેટલું માનવીય અને રેશનાલીસ્ટો માટે તો જેટલું જરુરી છે તેટલી જ તેના વીશેની સભાનતા પણ જરુરી છે.

રેશનાલીસ્ટ જગતે નેમજી છેડાની પીઠ થાબડવી પડે. જે સમાજ વચ્ચે એ વસે છે, તેમાં તો આ મહામુલી વસીયત જ ગણાય, એક ક્રાંતીકારી પગલું જ કહેવાય.

અક્કલમંદને ઇશારો

- વીજય પુરોહીત

એક સ્વજનની શોકસભામાં જવાનું થયું. વક્તાઓ 'સદ્‌ગતના આત્માની શાન્તી માટે પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના !' જેવા શબ્દો દ્વારા વીરમતા એક વડીલે મને બે શબ્દો બોલવા કહ્યું. મેં ગીતાના બે શ્લોક ટાંકીને કહ્યું કે જો આત્મા અમર હોય અને તેને શાસ્ત્રો, અગ્ની, પાણી, પવન કશી અસર ન કરી શકે એટલો પ્રબળ હોય તો એને શાની અશાંતી હોય ? કોણ અશાંત કરી શકે ? આપણે અલ્પ માનવી આ બ્રહ્માંડના નકશામાં નોકદાર પેન્સીલથી પાડેલ એક અદૃશ્ય બીન્દુ સમાન પ્રબળ આત્માની શાન્તી માટે પ્રાર્થના કરીએ એ કેવું હાસ્યાસ્પદ લાગે ? એ કરતાં આવો, આપણે એ મરહુમના અધુરાં સામાજીક કાર્યો, આદરેલાં કાર્યો જારી રાખીએ. લોકોનું કલ્યાણ કરવાની પ્રતીજ્ઞા કરીએ. શાંન્તી પ્રાર્થના કે મૌન પાળવાની જરુર નથી.

વીવેકબુદ્ધી જાગૃત થવાથી સત્ય લાધે છે

સભાને અંતે મને બોલવાનું કહેનાર ભાઇ મારા પર રોસે ભરાયા. ''તમો શાસ્ત્રોના વીરોધમાં બોલ્યા તે સારું ન કર્યું.''

એક વાર ગોરેગામ (મુંબઇ)માં મારાં બહેનને મળવા ગયો હતો. ત્યાં એમના પડોશી આવ્યા. (વાત વાતમાં જાણ્યું કે તે 'બ્રહ્માકુમારી' પંથના છે.) વાતમાંથી વાત નીકળી. મેં કહ્યું, ''આત્મા કે પરમાત્માનું અસ્તીત્વ જ નથી 'આત્મા' નરી કલ્પના છે. તેમણે મને સમજાવવાનો પ્રયત્ન આદર્યો. મને કહે, ''તમે પાપ કરવા જાઓ ત્યારે તમને અંદરથી અવાજ સંભળાય છે કે આ ના કરીશ. ખરું ?'' એ અવાજ અંતરાત્માનો છે. જે પરમાત્માનો અંશ છે.''

મેં કહ્યું પ્રથમ તો હું પાપમાં માનતો નથી. પાપ, પુણ્ય, નરક, સ્વર્ગ એ બધી નરી કલ્પનાઓ છે અને તમે જેને અંતરાત્માનો અવાજ કહો છો તે તો મારામાં રહેલી વીવેકબુદ્ધી છે. હું બુદ્ધી દ્વારા સારું કામ અને ખોટું યા ખરાબ કૃત્ય શું છે તે અલગ કરી શકું છું અને ખરાબ કામ અથવા દુશ્કૃત્ય આચરવાથી અન્યને અન્યાય અથવા દુ:ખ થાય અને તે દુ:ખ પહોંચાડવાનો આપણને શો અધીકાર ? એવું દુ:ખ કોઇ આપણને પહોંચાડે ત્યારે કેવું થાય છે ? અસહ્ય લાગણી થાય છે. માટે આપણે પણ એવું જ કરવું જોઇએ. એ વીવેકબુદ્ધી છે. અંતરાત્મા નહીં, એ ભાઇ થાકીને ઉભા થઇ ગયા.

એકવાર ગોવાથી મુંબઇ આવતાં સ્ટીમરની ડેક (તુતક) ઉપર એક આખા બાંકડાને રોકીને પથારી પાથરી હું બેઠો હતો. પેસેન્જરો ભરાઇ ગયા. એક યુરોપીયન જોડું આવીને મારા પગ પાસે ચાદર પાથરીને બેઠું. સ્ટીમર ઉપડી. શીતળ સમીર વાતો હતો. થોડીવારે પેલી વીદેશી યુવતી હાથમાં પુસ્તક લઇ ઉભી થઇ. મને પુછે, ''આ બાંકડા ઉપર બેસું ?''

મેં કહ્યું 'બેસ, પણ રાત પડે જગા ખાલી કરવી પડશે. મારે સુવા જોઇએ.' તે સસ્મીત 'હા' કહીને બેઠી.

હું થોડો વાતોડો અને એ વાંચ્યા કરે તે કેમ

ચાલે ? મેં અંગ્રેજીમાં કહ્યું, "Excuse me please" ને વાર્તાલાપ શરુ થયો.

મેં પુછ્યું, ''આ તારો પતી છે ?''

તે કહે, ''ના, મારો મીત્ર છે.''

''અમારા ભારતમાં આ રીતે ફરવામાં સામાજીક બંધનો હોય છે. તમે પરણવાનાં ખરાં ?''

''સાથે ફરીએ પછી અનુકુળતા લાગે તો પરણીએ.''

''તે દરમીયાન બાળક થાય તો ?''

''અમારે બાળક નથી જોઇતાં''

''એ તો પાપ કહેવાય.'' મેં કહ્યું.

તે કહે, ''હું પાપમાં માનતી નથી.''

''તો તમે ચોરી ન કરવી, જુઠ્ઠું ન બોલવું એવા નીતીનીયમો શાળામાં કેવી રીતે શીખવો ?'' એ શીક્ષીકા હતી. કહે, ''Morality can be taught on the faces of reasoning'' નીતીશાસ્ત્ર વીવેકબુદ્ધી દ્વારા શીખવી શકાય. આગળ બોલતાં તેણે કહ્યું, ''બાળકને કહેવાનું કે તારી માનીતી પેન ચોરાઇ જાય તારી પાસે બેઠેલા મીત્ર ઉપર તને શંકા હોય તો તું જરુર વીચારે કે તે ચોર છે. તેણે જ લીધી છે એટલે તને તેના ઉપર વીશ્વાસ ને પ્રેમ રહે જ નહીં. તેની આબરુ ગઇ. બીજું તારી માનીતી પેન ગઇ તને ખુબ જ દુ:ખ થયું. ઉંઘ ના આવી, ખાવાનું ન ભાવ્યું એ રીતે તું બીજાની વસ્તુ ચોરી લે તો એની પણ એ દશા થાય એવું તારાથી થાય ? તને એવું કરવાનો શો અધીકાર ! કોઇને દુ:ખ અપાય ? બાળક વીચાર કરતું થશે અને તેને જરુર લાગશે કે ચોરી ન કરવી જોઇએ. બાકી પાપ અને પરભવમાં સજા, નરકમાં જવું એ બધી 'એબસ્ટ્રેક્ટ' કલ્પનાઓની કોઇ અસર ન થાય.''

જો ઇશ્વર હોય અને ન્યાય આપતો હોય તો ડોંગરે મહારાજને કેન્સર અને પાંડુરંગશાસ્ત્રીને ડાયાબીટીસથી મરવું ન જ પડે.

આ વાર્તાલાપની મારા મન પર ખુબ અસર થઇ. મનોમન બોલી ઉઠ્યો કે આ તો મારી ગુરુ બની ગઇ. ખરેખર વીવેકબુદ્ધી જાગૃત થવાથી સત્ય લાધે છે.

એક વાર એક આર્યસમાજી શાસ્ત્રીજી સાથે સંવાદ થયો. ''એમ કહેવાય છે કે અવસાન પછી આત્મા પરમાત્મામાં ભળી જાય છે. કારણ આત્મા પરમાત્માનો અંશ છે ?''

તેમણે કહ્યું, ''ના, એવું નથી. બન્ને અલગ છે. બન્નેની ઓળખ અલગ છે.''

''તો અવસાન પછી આત્માનું શું ?''

તે બોલ્યા, ''કર્મો પ્રમાણે નર્ક કે કૈવલ્ય.''

મેં પુછ્યું, ''આત્મા કૈવલ્ય પામે તો ક્યાં જાય ?''

જવાબ ''અંતરીક્ષમાં સ્થીર થાય ? અને નર્કમાં જાય તો ભટક્યા કરે, અંતરીક્ષમાં.''

પુછ્યું, ''તો પછી બન્નેની સ્થીતી તો સરખી જ રહી. વારુ કૈવલ્યની સ્થીતીમાં કેટલાં વર્શ રહે અને એ સ્થીતીમાં પુણ્યફળનો શો લાભ ?''

જવાબ ન મળ્યો. મેં પુછવાનું માંડી વાળ્યું. મતલબ કે મૃત્યુ પછીની સ્થીતી માટે બધા જ ધર્મો, પંથોમાં નરી કલ્પનાઓ છે. નક્કર, સચોટ ઉત્તર નથી.

એકવાર અમદાવાદના એક દવાખાનામાં વીદ્યાર્થીઓને 'એનેટોમી' વીભાગમાં મુલાકાતે લઇ ગયો હતો. ટેબલ ઉપર એક મૃતદેહ ડીસેક્ટ કરેલો-ચીરેલો પડ્યો હતો. ડૉક્ટરે ફેફસાં બતાવી કહ્યું, એ દેહ શહેરવાસીનો છે તેથી ફેફસાં કાળાં પડી ગયાં છે. કાર્બન ડાયોક્સાઇડને લીધે પછી બીજાં બધાં અંગ બતાવ્યા. અમારો સંવાદ

પ્રશ્ન: ડૉક્ટરસાહેબ માણસ મરી જાય ત્યારે શું થાય ?

ઉત્તર: તેનો આત્મા શરીરમાંથી નીકળીને ચાલ્યો જાય.

પ્રશ્ન: આત્મા શરીરમાં કયા અંગમાં રહે છે ?

ઉત્તર: આખા શરીરમાં પ્રાણ સ્વરુપે.

પ્રશ્ન: એ કયાં ચાલ્યો જાય છે ?

ઉત્તર: કોઇ સ્ત્રીના ગર્ભમાં રહેલા વીકસતા શીશુમાં.

પ્રશ્ન: તો તું સ્વર્ગ કે નર્કમાં ક્યારે જાય ?

ડૉક્ટર પાસે જવાબ ન હતો.

પ્રશ્ન: પણ હાર્ટફેલથી મરનારનો આત્મા ગયા પછી હાર્ટમાં ઇન્જેક્શન, મસાજ કરવાથી હાર્ટ ચાલુ થઇ જાય ત્યારે પેલો આત્મા પાછો આવે કે નવો આત્મા પ્રવેશે ?

ઉત્તર : તે આત્મા પાછો આવે.

પ્રશ્ન : તો એ સ્થીતીમાં પેલા ગર્ભમાં રાહ જોતું બાળક મૃતશીશુ તરીકે અવતરે ?

(ડૉક્ટર પાસે જવાબ ન હતો.)

પ્રશ્ન : ડૉક્ટર, તો પછી એમ કહેવાય કે આ જગતમાં સીમીત સંખ્યામાં આત્માઓ છે, જે અહીંથી તહીં ફર્યા કરે છે ?

ઉત્તર : હા. એક શરીરમાંથી બીજા શરીરમાં જાય.

પ્રશ્ન : તો પછી બીલાડીનો અવતાર આવે કે ૮૪ લાખ યોનીમાં ભટક્યા પછી મનુશ્ય યોની પ્રાપ્ત થાય તેનું શું ?

ડૉક્ટર પાસે ઉત્તર ન હતો.

પ્રશ્ન : વારુ, એ જ પ્રમાણે આત્મા કાયા બદલતા રહેતા હોય તો વસતીવધારો કેમ થતો હોય છે?

ઉત્તર : એક જગ્યાએ વધે તો બીજા દેશે ઘટે.

પ્રશ્ન : એવું નથી. આખી દુનીયામાં વસતીવધારો છે. એનો મતલબ એ કે ઇશ્વર નવા આત્મા 'મેન્યુફેક્ચર' કરતા હશે-બનાવતા હશે ?

ડૉક્ટર પાસે જવાબ નહીં હોવાથી ગુસ્સે થયા. અને પ્રશ્નો પડતા મુકી ચાલતા થયા.

ä ä ä

નવા વાડજ અમદાવાદમાં અમારી એક સંસ્થા ગોપી અન્નક્ષેત્ર અને વડીલોનું વૈકુંઠ ચાલે છે. વડીલોની સભા રોજ સાંજે ૪થી ૬-૩૦ હોય છે. તેમાં એક વાર મેં કહ્યું કે પાપ અને પુણ્ય, નર્ક અને સ્વર્ગ નરી કલ્પના છે. જો તે અંતરીક્ષમાં હોય તો અંતરીક્ષયાત્રીઓને હજી ક્યાંય જોવા મળ્યા નથી અને ચંદ્ર અને મંગળ અને અન્ય ગ્રહોની શોધ કરે છે તેવી સ્વર્ગ કે નર્કની શોધ કરવાની વૈજ્ઞાનીકોએ પરવા કરી નથી. કારણ તે તેને કેવળ કલ્પના માને છે અને માનો કે પુણ્યનું કે પાપનું ફળ મળતું હોય તોય તે શા કામનું ? તે તો પરભવમાં પ્રાપ્ત થવાની કલ્પના છે. તે વેળા તમને તમે જ નહીં જાણતા હો. પછી ક્યાંથી ભાન થશે કે પાપ-પુણ્યનું ફળ મળ્યું. છતાંય પાપ, પુણ્યનું ફળ નથી એમ માનીને જેને લોકો 'પાપ' કહે છે તેવાં ખરાબ કૃત્યો તો ન જ થાય. કારણ તેથી લોકોને દુ:ખ થાય. લોકોને દુ:ખી કરવાનો શો અર્થ ? શો લાભ ? માટે સત્કર્મ કરો.

ગોપી અન્નક્ષેત્રમાં આપણે ગરીબોને જમાડીએ છીએ ત્યારે તે ગરીબ બાળકો, અપાહીજોને જે સંતોશ મળે છે, આનંદ થાય છે, આંખોમાં હર્શ જણાય છે, તે જોઇને આપણને સુખ થાય છે. તેને જ માનવું હોય તો સ્વર્ગ માનો. તેમનો આભારસભર પ્રતીભાવ એજ પુણ્યફળ માનો અને સત્કર્મ જ કરતા રહો. તમે ધન કમાયા છો તો તેનો લાભ ગરીબોને આપી આનંદ પામો. જો ઇશ્વર હોય અને ન્યાય આપતો હોય તો ડોંગરે મહારાજને કૅન્સર અને પાંડુરંગશાસ્ત્રીને ડાયાબીટીસથી મરવું ન જ પડે.

રાબેતા મુજબની શ્રાવણની એક વહેલી સવારે હું ચાલતો ચાલતો શીવાલયના દ્વાર પાસેથી પસાર થતો હતો ત્યારે રોજ ટબુડી દુધ લઇને આવતાં માજી ઠેસ વાગતાં પડ્યાં. દુધ ચકચકીત ફર્સ પર ઢળી ગયું. એક ગરીબ બાળક નીચું નમી દુધ ચાટવા લાગ્યું. ત્યાં એક કુતરું ભસતું આવ્યું. બાળક હટી ગયું. કુતરું બધું દુધ ચાટી ગયું. માજીને ઉભાં કરીને મેં તે દશ્ય બતાવી કહ્યું, ''શંકર ભગવાન કહે છે, મારા ઉપર દુધ ઢોળીશ નહીં. હું અકળાઉં છું. દુધ ગટરમાં જાય છે.'' તે દીવસથી માજી ટબુડીનું અડધું દુધ બાળકને અને અડધું કુતરાની ચાટમાં રેડે છે. તે જોઇ ઘણાં માજી હવે તે પ્રમાણે દુધ લીંગ ઉપર રેડવાને બદલે ગરીબોને આપતાં થયાં છે. પુજારી પણ હવે દુધ તપેલામાં રેડાવે છે. તે પછી તેમાંથી થોડું પોતે લે છે. બાકીનું ગરીબોને આપે છે. પણ ભક્તોને આ વાતની ખબર પડતાં દુધ આવતું ઓછું થઇ ગયું. ચાલો બગાડ થતો અટકી ગયો.

[નવા વાડજ, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૭૬૨૨૯૪૬]

જાણકારી

એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ

- માનવ અધીકારો માટે સંઘર્શરત એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ એક બીનસરકારી આંતરરાશ્ટ્રીય સંગઠન છે. આ સંગઠન રાજકીય કેદીઓને ન્યાય અપાવવા, રાજકીય હત્યાઓ અટકાવવા, મૃત્યુદંડ નાબુદ કરવા તેમ જ યાતના અને માનવ અધીકારોના હનનની વીરુદ્ધ અવાજ ઉઠાવે છે.
- બ્રીટીશ વકીલ પીટર બેનેનસને ૧૯૬૧માં એની સ્થાપના કરી હતી. આઝાદીનું સમર્થન કરનાર બે પોર્ટુગીઝ બાળકોને સાત વર્શની સજાના સમાચાર વાંચીને બેનેસનને પ્રેરણા મળી હતી.
- ૧૯૬૨ના મધ્ય સુધી ભારત, અમેરીકા, શ્રીલંકા, ઑસ્ટ્રેલીયા, જર્મની, કૅનેડા, ઇઝરાયલ, બર્મા, નાઈજીરીયા, નોર્વે, સ્વીડન સહીત કેટલાય દેશોમાં તેની શાખાઓ ઉભી થઇ છે. ૧૯૬૨માં જ સંગઠનના એક સભ્ય ડાયના રેડ હાઉસે એમ્નેસ્ટીનો મીણબત્તી અને કાંટાળા તારવાળો લોગો ડીઝાઇન કર્યો છે.

શાસ્ત્રોને બકવાસ કહેતાં પહેલાં ઉંડો અભ્યાસ કરવો જરુરી છે

- ચંદ્રકાન્ત બોસમીયા

'વીવેકપંથી'ના સાત-આઠ અંકો વાંચ્યા પછી જે નીશ્કર્શ પર આવ્યો છું તે અહીં પ્રસ્તુત છે. 'વીવેકપંથી'ના મુખ્ય સીદ્ધાંતો.

(૧) ઇશ્વર-ભગવાન જેવું કંઇ જ નથી-નીરીશ્વર સમાજની સ્થાપના. (૨) અંધશ્રદ્ધા, જાદુમંતર, ભુવા-ભરાડી બધું બકવાસ છે તેનું નીર્મુલન કરવું. (૩) 'શ્રદ્ધા' જેવું કંઇ જ નથી, કારણ કે તેનો સીધો સંબંધ 'ઇશ્વર' સાથે છે. (૪) આપણાં (ભારતનાં) શાસ્ત્રો નર્યો બકવાસ છે અને પશ્ચીમનું વીજ્ઞાન માત્ર સત્ય છે.

ઉપરોક્ત ચાર મુદ્દાઓ ઉપર ચર્ચા કરતાં પહેલાં 'વીવેક' શબ્દને સમજીએ. ગુજરાતી ભાશા સંસ્કૃતમાંથી ઉતરી છે અને 'વીવેક' મુળ સંસ્કૃત શબ્દ છે અને તેનો અર્થ થાય છે ખરું-ખોટું, સારુ-નરસું ઓળખવાની ક્ષમતા. અંગ્રેજીમાં ડીસ્ક્રીમીનેશન. (ગુજરાતના અમુક ભાગોમાં 'વીવેક' શબ્દ સારી વર્તણુંક-વીનય જેવા અર્થમાં વપરાય છે તે ખોટો અર્થ છે).

ઉપરોક્ત ચારમાંથી બીજા મુદ્દા સાથે મારી સંપુર્ણ સહમતી છે એટલે તેની ચર્ચા નથી કરવી.

ઇશ્વર છે કે નહીં તેની ચર્ચામાં પડવા પણ નથી માગતો, પરંતુ ઇશ્વર છે જ નહીં તેવો પ્રચાર સમાજ માટે જોખમી છે. મારે તેની ચર્ચા કરવી છે. કોઇ પણ સમાજમાં મુખ્યત્વે ત્રણ પ્રકારના લોકો મળે છે. પ્રથમ અને સૌથી મોટો પ્રકાર છે સાવ ઓછી બુદ્ધીમતા ધરાવતા લોકો જે લગભગ ૮૦થી ૮૫ ટકા હોય છે. તે લોકોમાં વીવેકબુદ્ધી લગભગ શુન્ય હોય છે. સારા-નરસા, ખરા-ખોટાની જરાય સમજ હોતી નથી. આ પ્રકારના લોકો જે કંઇ પણ કરે કે વીચારે તેમાં તેના આજના-અત્યારના સ્વાર્થ સીવાય કશું જ હોતું નથી.

આ પ્રકારના લોકો પોતાના તાત્કાલીક સ્વાર્થ માટે બીજાનું-પોતાનાથી વધુ બાહોશ વ્યક્તીનું પોતાને અનુકુળ પડે તેવું અનુકરણ કરે છે. તેમનામાં લાંબાગાળાના ફાયદા વીશે વીચાર કરવાની શક્તી-ક્ષમતા હોતી નથી. દા.ત. રોજ ખુલતા મટકા અથવા લૉટરીમાં આ પ્રકારના લોકો પોતાના પૈસા રોકે જેમાં લાભ કરતાં હાની થવાની શક્યતાઓ વધુ હોય છે, પરંતુ લાબા ગાળે ચોક્કસ રીતે ફાયદો કરે તેવા આયોજન જેમ કે બૅન્કમાં F.D. વ. તેઓ કરી શકતા નથી. આ જ પ્રમાણે જુગાર, દારુ અને વેશ્યાગમન જેવાં દુશણો આ વર્ગમાં વધુ હોય છે. આ વર્ગને કન્ટ્રોલમાં રાખવા ફક્ત કાયદા પુરતા નથી જ થતા. તેમની ઉપર એક જુદી સત્તાની જરુરત છે. આ સત્તા એટલે 'ઇશ્વર'નો સીદ્ધાંત અને તેનો ડર. અર્થાત્ પાપ-પુણ્યનો ડર.

સમાજનો બીજો મોટો વર્ગ છે, સામાન્યથી થોડી વધુ બુદ્ધીમતા ધરાવતો વર્ગ. આ વર્ગ લગભગ ૧૫થી ૨૦ ટકા હોય છે. તેનામાં સારાસાર, ખરું-ખોટું સમજવાની ક્ષમતા હોય છે, પરંતુ વધુ મેળવવા માટે બુદ્ધીનો દુરુપયોગ થાય તેની પુરેપુરી શક્યતા આ વર્ગમાં રહેલી છે. આ વર્ગ પહેલા વર્ગ કરતાં થોડા લાંબા ભવીશ્યના લાભાલાભ જોઇ શકે છે, તો પણ થોડુંક વધુ મેળવવાની લાલચમાં એ ખોટું કામ તો કરે જ છે. આ વર્ગ ઉપર પણ સત્તાની જરુરત છે અને તે સત્તા એટલે ઇશ્વર અને તેનો ડર.

ઇશ્વરના ડરથી ૯૦થી ૯૫ ટકા પ્રજા સીધી ચાલે છે

સમાજનો ત્રીજો અને સૌથી નાનો વર્ગ છે તીક્ષ્ણ બુદ્ધીશાળી લોકોનો વર્ગ, જેની ટકાવારી નગણ્ય હોય છે. આ વર્ગના લોકો લગભગ બળવાખોર કહી શકાય તેવા-સ્થાપીત માન્યતાઓનો વીરોધ કરવાવાળા-પોતાના વીચારો સ્થાપીત કરવા માગતા-સમાજના બાકીના વર્ગ કરતાં સાવ અલગ વીચારધારા ધરાવતા - આપસમાં પણ મતમતાંતર ધરાવે તેવો આ વર્ગ છે. જ્યારે આ વર્ગને 'ઇશ્વર'નો કૉન્સેપ્ટ શા માટે તે મસજાતું નથી ત્યારે 'વીવેકપંથ' તૈયાર થાય છે. (વીવેકપંથ અહીં અગત્યનો નથી-જુદા જુદા નામે આવા પંથ ભુતકાળમાં ઉદય-અસ્ત થયા છે).

'ઇશ્વર'ના કૉન્સેપ્ટની જરુરીયાત વીશે વાત કરતાં પહેલાં તે કૉન્સેપ્ટના પરીણામ સ્વરુપ 'ડર'ની વાત કરવી જરુરી છે. ડરનો જન્મ અજ્ઞાનમાંથી થાય છે. જાડી દોરીનું ગુંચળું કે આડી-અવળી પડેલી સુતળીમાં

Please purchase PDFcamp Printer on http://www.verypdf.com/ to remove this watermark.

સર્પ દેખાય છે. જ્યાં સુધી માણસને ખબર નથી (જ્ઞાન નથી) કે એ સુતળી છે ત્યાં સુધી તે તેને સર્પ સમજીને ડરે છે અને તેનાથી દુર રહે છે. એક વખત જ્ઞાન થઇ જાય કે તે સુતળી છે એટલે ડર નીકળી જાય છે. સર્પ-અદૃશ્ય થઇ જાય છે. અર્ધજ્ઞાન અજ્ઞાન કરતાં પણ વધુ જોખમી છે. ઉપર એક જ દાખલો આપ્યો છે. આવા અસંખ્ય દાખલાઓ આપી શકાય.

દીર્ઘ ભુતકાળમાં જ્યારે સમાજ માટે-સમાજને સુવ્યવસ્થીત રીતે ચાલવા માટે કોઇ ખાસ કાયદા-કાનુન ન હતા ત્યારે સમાજ બહુ સુવ્યવસ્થીત ન હતો તેથી સમાજના ઉપરોક્ત ત્રીજા વર્ગે આ બાબત ખુબ વીચાર કરીને માર્ગ કાઢ્યો અને તે માર્ગ એટલે 'ઇશ્વર'. તેના નામે 'કાયદા કાનુન' અને તેનો 'ડર'. આપણા દેશમાં આ 'ઇશ્વર'ની સત્તા સૌથી પહેલાં થઇ અને પછી જુદા જુદા નામે જુદા જુદા રુપે દુનીયામાં અન્યત્ર પ્રસરી. દરેક મનુશ્યે સારાં કામ કરવાં જોઇએ. બીજાનું નુકશાન થાય તેવાં કાર્યો કરવાં જોઇએ નહીં. સમાજ તરફ સહુએ પોતાની જવાબદારી નીભાવવી, કોઇને દુ:ખ પહોંચાડવું નહીં વગેરે લગભગ દરેક ધર્મમાં કહેવામાં આવ્યું છે-આમ કે તેમ ન કરવું-તે 'પાપ' છે અને પાપ કરનારને 'ઇશ્વર' સજા કરે છે-ઇશ્વરના ન્યાયમાં દેર હોય, પણ અંધેર નથી. તે ક્યારે અને કેવી સજા કરશે તે કહી ન શકાય. આવી આવી ધમકી બધા જ ધર્મોમાં આપવામાં આવી છે. 'ઇશ્વર' સર્વવ્યાપી, સર્વશક્તીમાન છે તે તમે જે કંઇ કરો, બોલો તે બધુ જ જુએ-સાંભળે છે. તેનાથી કંઇ જ છુપું નથી એવી વીચારધારા પણ દરેક ધર્મમાં છે. (આ એક તર્કબધ્ધ રીતે સાબીત કરી શકાય તેવો વીશય છે પણ તેની ચર્ચા ફરી બીજી કોઇક વાર.)

હવે અહીં જુઓ કે સજાની ચેતવણી કે ધમકી અસ્પશ્ટ મોઘમ એટલે અર્ધજ્ઞાન જેવી છે અને તે સમાજના ઉપર જણાવેલા પહેલા બે વર્ગો ઉપર ખુબ ઉંડો ડર પેદા કરે છે. આ ડરને લીધે તે વર્ગો નીતીનીયમ મુજબ ચાલવાથી સમાજ સુવ્યવસ્થીત રીતે ચાલે છે. જ્યાં સરકારી કાયદાઓ લુલા સાબીત થાય છે ત્યાં 'ઇશ્વર', પાપ-પુણ્યનો ડર, આવતા ભવે સજા મળવાનો ડર વગેરે સચોટ રીતે કાર્ય કરે છે. સમાજનો નેવુંથી પંચાણુ ટકા વર્ગ 'સીધો' ચાલે છે. સમાજની સુવ્યવસ્થા જળવાઇ રહે છે.

જ્યારે આ ડર નાબુદ થાય ત્યારે તેનાં ભયંકર પરીણામો આવી શકે. દા.ત. લગ્નસંસ્થા ફક્ત ધાર્મીક અને ઇશ્વરવાદી હોવાને કારણે નકારવામાં આવે તો શું પરીણામ આવે ? સ્ત્રી અને પુરુશના દેહસંબંધ સાવ કુદરતી હોવાને કારણે થવાના જ અને પરીણામ સ્વરુપ બાળકો પણ થવાનાં પછી જો લગ્નનું 'બંધન' (ડર, પાપ-પુણ્ય, ઇશ્વર) ન હોય તો સારા-નરસાને જાણનાર 'વીવેકી' વર્ગ જે નગણ્ય સંખ્યામાં છે તેને બાદ કરતાં બાકીનાં ૯૯.૯ ટકા લોકો બાળક તરફની જવાબદારી તરછોડી દેશે અને સમાજમાં સમય જતાં ભયંકર અવ્યવસ્થા પેદા થશે. આ એક દાખલો છે. એવા અનેક દાખલાઓ આપી શકાય. ભુતકાળમાં આવું બન્યું પણ છે. શંકરાચાર્યના સમય પુર્વે એક તર્કશાસ્ત્રીએ આવો નીરીશ્વરવાદનો તેમજ ભૌતીકવાદનો પ્રચાર કરેલો અને પરીણામે સમાજવ્યવસ્થા તહેસનહેસ થઇ ગઇ હતી જે શંકરાચાર્યે ગીતાના પુન: અર્થઘટન અને પ્રચાર થકી વ્યવસ્થીત કરી.

ઉપરોક્ત મુદ્દા નંબર ૨ સાથે હું સહમત થાઉં છું-અંધશ્રદ્ધા, મંત્ર-તંત્ર, ભુવા-ભરાડી વગેરે દુશણો જ છે અને તેને ઉઘાડાં પાડવાં જ જોઇએ-નીર્મુળ કરવાં જ જોઇએ.

મુદ્દા નંબર ત્રણ 'શ્રદ્ધા' એ વ્યક્તીગત વાત છે અને તેનો સીધો સંબંધ 'ઇશ્વર' અને 'ઇશ્વર'ની સત્તા સાથે છે. જ્યાં સુધી શ્રદ્ધા આ ઇશ્વરની સત્તા સાથે સંબંધ રાખે ત્યાં સુધી ઉપર ચર્ચા કર્યા પ્રમાણે કંઇ ખોટું નથી. પણ જ્યારે જેની પાસે વીવેકબુદ્ધી નથી તેવા સમાજના મોટા વર્ગને એમ સમજાવવામાં આવે કે ઇશ્વર નથી એટલે શ્રદ્ધા એ શ્રદ્ધા નથી અંધશ્રદ્ધા છે તેના પરીણામની ચર્ચા ઉપર કરી છે.

આપણા શાસ્ત્રો બકવાસ અને પશ્ચીમનું વીજ્ઞાન જ સાચું એવી વાત તો જેણે શાસ્ત્રોનો ઉંડાણપુર્વક અભ્યાસ, ચીંતન અને મનન ન કર્યું હોય તે જ કરી શકે. આજનું વીજ્ઞાન પણ હજુ બાલ્યાવસ્થામાં જ છે-કેટકેટલાય સીદ્ધાંતો (ન્યુટન અને આઇન્સ્ટાઇન સહીત) ખોટા પડ્યા છે. કેટકેટલીય એલોપથીક દવાઓ આવી-આડઅસરોને લીધે બંધ થઇ-નવી આવી બંધ થઇ એ ઘટમાળ ચાલુ જ છે.

હું તો માનું છું કે શાસ્ત્રો અને વીજ્ઞાન એકબીજાનાં પુરક હોવાં જોઇએ અને છે.

'વીવેકપંથી'ને અંતમાં એટલી વીનંતી કરી વીરમું છું કે ઉપરોક્ત મુદ્દાઓને નજર સમક્ષ રાખી, વીચારમંથન અને ચીંતન કરી નીરીશ્વરવાદની વાત પડતી મુકો-અંધશ્રદ્ધા વ. વ. વીરોધી આંદોલન ચાલુ જ રાખો.

[એક સરેરાશ બૌધીકજનની આ વીચારધારા ચર્ચા માટે ખુલ્લી જાણવી -તંત્રી]

પોતાને રેશનાલીસ્ટ ગણાવતા વીદ્વાનો પણ કરે છે

રેશનાલીઝમ ઉપર બુદ્ધીહીન કઠુરાઘાત

- એન. વી. ચાવડા

ધારો કે કોઇ કહેવાતા સ્વામીબાબાના કહેવાતા ચમત્કારોનો પર્દાફાશ ઘણાં વર્શો અગાઉ રેશનાલીસ્ટો દ્વારા થઇ ચુક્યો હોય તથા ટીવી કૅમેરામાં તેમનો કહેવાતો ચમત્કાર હાથચાલાકીના ખેલ તરીકે આબાદ ઝડપાઇ ગયો હોય; અને તે સ્વામીબાબાએ પોતે કરેલી કોઇ ભયાનક ભુલને પરીણામે ભયથી ફફડતા રહીને ભરીબંદુકે ચોકી કરનાર સીક્યોરીટી ગાર્ડ્ઝના રક્ષણમાં ઉંઘવું પડતું હોય, તેમના ભુતપુર્વ શીશ્યો દ્વારા જ તેમને જાનથી મારી નાખવા માટે હુમલો થયો હોય, જેને પરીણામે સીક્યોરીટી ગાર્ડ્ઝ અને હુમલાખોરો વચ્ચે થયેલા ગોળીબાર યુદ્ધમાં બન્ને પક્ષના મળીને અનેક ખુન થઇ ગયાં હોય, જેના પરીણામે આશ્રમમાં પોલીસની રેડ પડતાં આશ્રમમાંથી ગેરકાયદેસર ચીજવસ્તુઓની પ્રાપ્તી થઇ હોય તથા આશ્રમમાં બીછાવેલી ગુપ્ત સુરંગ પણ પ્રાપ્ત થઇ હોય તથા પોલીસને આશ્રમમાં ચાલતી ગુનાહીત પ્રવૃત્તીઓની ગંધ આવી ગઇ હોય, જેની ચકચાર દેશના પ્રીન્ટ અને દૃશ્ય માધ્યમોમાં પણ વ્યાપક પ્રમાણમાં થઇ હોય, ત્યારબાદ રાબેતા મુજબ આપણા દેશમાં બધે જ બને છે તેમ સમગ્ર પ્રકરણ ઉપર પડદો પડી ગયો હોય અને લોકો એ બધું ભુલી પણ ગયા હોય; અને સાધુબાબાએ પણ પ્રતીકુળતા જોઇને પોતાના ચમત્કારો જેવા કાર્યક્રમોને મોકુફ કરી દીધા હોય.

આ સંજોગોમાં થોડાંક વર્શો વીત્યા પછી આ સાધુબાબાના ભક્તો અને પ્રચારકો એવી જાહેરાત કરે કે સાધુબાબા હવે ચમત્કારો અને ગુનાહીત પ્રવૃત્તીને છોડીને સમાજસેવાનાં કાર્યો શરુ કરી એક સજ્જન અને સમાજસેવી વ્યક્તી બની ગયા છે, તો પ્રચારકોનો એવો દાવો કદાચ લોકો સાચો માની સ્વીકારી લે એવું બની શકે, પરંતુ ખુદ સાધુબાબા તાજેતરમાં જ્યારે માધ્યમોની સહાયથી પોતે સાક્ષાત્ ઇશ્વર, રામ અને કૃશ્ણથી પણ મહાન અને વીજ્ઞાનની શક્તીની બહાર હોવાની જાહેરાત કરે તો એમનો કલંકીત ભુતકાળ જેમને યાદ હોય એવા લોકો સાધુબાબાનો આવો દાવો કેવી રીતે સાચો માની શકે ?

અપેક્ષા મુજબ જ કેટલાક રેશનાલીસ્ટોએ આ સાધુબાબાના ચમત્કારો અને સાક્ષાત્ ઇશ્વર હોવાના દાવા સામે પડકાર કર્યો ત્યારે આશ્ચર્યજનક રીતે જ આ સાધુબાબાના પ્રસંશકો એવા કેટલાક પત્રકારો, કટારલેખકો અને વીદ્વાનોએ સાધુબાબાની દૈવીશક્તીની સાબીતી આપવાને બદલે સાધુબાબાના સમાજસેવાનાં કાર્યોની અસાધારણ પ્રસંશાઓ શરુ કરી દીધી. તે સંજોગોમાં અહીં પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે આ સાધુબાબાએ દેશમાં અનેક હૉસ્પીટલો, વૃદ્ધાશ્રમો, અનાથાલયો, વૉટર પ્લાન્ટો અને શીક્ષણસંસ્થાઓ ઉભી કરી દીધી હોય અને થોડાક દીનદુખીયાઓની સેવા-મદદ કરી દીધી હોય તેથી શું તેમનો સાક્ષાત્ ઇશ્વર હોવાનો દાવો અને ચમત્કારો સાચા પુરવાર થઇ જાય છે ! શું આ સાધુબાબાએ આવા સમાજસેવાનાં કાર્યો કર્યાં હોવાથી તેમના વહેમ અને અંધશ્રદ્ધા ફેલાવનારા, ચમત્કારો અને વીધાનો સામે સમાજના જાગૃત લોકોએ મૌન રહેવું ? સાધુબાબાના પ્રચારકો દલીલ કરે છે કે સાધુબાબાના ઇશ્વરત્વ અને ચમત્કારનો માત્ર વીરોધ કરવો તે અસમતોલ અભીગમ છે, પરંતુ તો પછી સાધુબાબાનાં ફક્ત સેવાકાર્યોનો અને કહેવાતી દૈવીશક્તીઓનો જ પ્રચાર કરવામાં સમતોલ અભીગમ ક્યાં છે ?

જો સાધુબાબાના મન-દીમાગમાં દીન-દુખીયા, ગરીબો અને શોશીતો પ્રત્યે અપરંપાર કરુણા, પ્રેમ અને લાગણી હોય તો તેમની એવી સેવા અવશ્ય વંદન અને પ્રસંશાને પાત્ર છે, પરંતુ તેમનામાં જો આવી સાચી હમદર્દી હોય તો દીન-દુ:ખીયા અને લાચારોના થઇ રહેલા શોશણ અને અન્યાય દુર કરી, તેમની ગરીબી દુર કરી, સ્વાવલંબી બનાવી સ્વમાન અને ગૌરવભેર તેઓ જીવી શકે એવો ચમત્કાર કેમ કરતા નથી ?

પશ્ચીમના વીકસીત દેશોમાં તો દેશના શાસકો, પ્રશાસકો અને કર્મશીલોના સમાન સંયુક્ત પુરુશાર્થ વડે

વાસ્તવીકતા એ છે કે આપણા દેશમાં ક્યાંક પ્રચ્છન્ન અને ક્યાંક અપ્રચ્છન્નપણે વર્ણવ્યવસ્થાધર્મ પ્રવર્તમાન છે.

સમગ્ર સમાજ માટે જીવનની તમામ સુખ-સગવડો અને સાધનો એવાં ઉભાં કર્યાં છે કે આપણા દેશના કહેવાતા સાક્ષાત્ ઇશ્વરો તો એની કલ્પના પણ કરી શકે એમ નથી. આપણા દેશના શાસકો અને પ્રશાસકો આપણા દેશમાં એવી સીદ્ધી હાંસલ કરે એવો કોઇ ચમત્કાર કહેવાતા સાક્ષાત્ ઇશ્વરો પણ કેમ કરી શકતાં નથી ? હજારો કે લાખો કહેવાતા ઇશ્વરોની હયાતીમાં આપણા દેશમાં દરરોજ દુ:ખો, દર્દો, સંકટો અને આફતો વધતાં જ કેમ રહે છે ?

હરીયાણાના પ્રીન્સને અને આગ્રાની વંદનાને દેશના શ્રમજીવી લોકોએ અથાક પુરુશાર્થ કરીને બચાવ્યાં ત્યારે આપણા દેશના લોકો અને પ્રચાર માધ્યમોએ તેનો યશ ઇશ્વરની પ્રાર્થના અને ઇશ્વરકૃપાને આપ્યો તો પછી આ સાધુબાબાઓનાં સેવાકાર્યોનો યશ ઇશ્વરને આપવાને બદલે સાધુબાબાને કેમ આપવામાં આવે છે ? સમાજના ઉચ્ચ વર્ણના રાજનેતા, ધર્મગુરુ, ઉદ્યોગપતી, વૈજ્ઞાનીક, લેખક, ક્રીકેટર વગેરે કોઇ સીદ્ધી હાંસલ કરે તો તેમના અનેરાં માન-સન્માન, વાહવાહ થાય છે અને તેમના ઉપર ઇનામ-ઇલ્કાબોનો વરસાદ વરસાવવામાં આવે છે, પરંતુ જ્યારે કોઇ શ્રમજીવીવર્ગની વ્યક્તી કે લોકો અસાધારણ પરાક્રમ કરી બતાવે છે, ત્યારે આપણા દેશના લોકો અને પ્રસારમાધ્યમોને તરત જ ઇશ્વર યાદ આવી જતાં શ્રમજીવીઓના પુરુશાર્થનો તમામ યશ ઇશ્વરને અર્પી દેવામાં આવે છે. આપણાં આવા બેવડાં વલણ, જુઠ, દંભ, લુચ્ચાઇ અને છેતરપીંડી પાછળ આખરે શું રહસ્ય છુપાયેલું છે ?

વાસ્તવીકતા એ છે કે આપણા દેશમાં ક્યાંક પ્રચ્છન્ન અને ક્યાંક અપ્રચ્છન્નપણે વર્ણવ્યવસ્થાધર્મ પ્રવર્તમાન છે. આ વર્ણવ્યવસ્થાધર્મ અંતર્ગત શારીરીક કાર્યો અને તેને કરનારા લોકો, શુદ્રો, અધમ, નીચ યોની અને અપવીત્ર છે. આ શુદ્રોને કોઇપણ પ્રકારના ફળની અપેક્ષા વીના ફક્ત ઉપરના ત્રણે વર્ણ-સવર્ણોની માત્ર સેવા કરવાનો જ અધીકાર છે. એમનો જન્મ આવી નીશ્કામ સેવા માટે જ થયો છે, એવો વર્ણવ્યવસ્થા ધર્મનો આદેશ છે. ઉપરના ત્રણે વર્ણ શુદ્રો પાસેથી મફત સેવા લેવાનો જન્મજાત અધીકાર ધરાવે છે. શુદ્રોનો જન્મ ફક્ત એમની સેવા માટે જ થયો છે. આપણા દેશના મોટાભાગના પત્રકારો, લેખકો, ચીંતકો, કથાકારો અને સાધુ-સંતો પ્રગટ-અપ્રગટ સ્વરુપે વર્ણવ્યવસ્થાધર્મના આ નીયમોને અનુસરે છે. તેથી જ શારીરીક શ્રમ કરનારાઓનાં પરાક્રમો અને સીદ્ધીઓની આ દેશમાં કોડીનીય કીંમત નથી. જે કંઇ થોડી ઘણી છે તે દેશના બંધારણને કારણે તેમની લાચારીને આભારી છે.

બીજી વાસ્તવીકતા એ છે કે ઇશ્વર અને ઇશ્વરના અવતારની કલ્પના વર્ણવ્યવસ્થાને ઇશ્વરીય સીદ્ધી કરી શારીરીક શ્રમ કરનારા લોકોના સર્વાંગી શોશણ કરવાનું શડ્યંત્ર માત્ર છે. બની બેઠેલા ઇશ્વરના અવતારોના સ્વાર્થી અનુયાયીઓ, પત્રકારો, કટારલેખકો અને કહેવાતા ક્રાંતીકારી ચીંતકો તથા અન્ય સાધુબાબાઓની જેમ જ્યારે પોતાને રેશનાલીસ્ટ તરીકે ઓળખાવતા વીદ્વાનો પણ પોતાનું મન-મગજ બંધ કરીને કોઇક કહેવાતા ચમત્કારી સ્વામીબાબાના સમાજસેવાનાં ઢોંગી કાર્યોના ગુણગાન ગાવા લાગે ત્યારે રેશનાલીઝમ જેવી માનવસેવાની ઉમદા અને શ્રેશ્ઠ પ્રવૃત્તી અને વીચારધારા ઉપર બુદ્ધીહીન કહુરાઘાત થાય છે.

[ચાવડાભાઇ જેવા નીડર અને તટસ્થ લેખકે તો મોઘમ લખવાને બદલે ચોક્કસ સ્થાને આંગળી મુકીને વાત કરવી જોઇએ એમ નથી લાગતું ? - તંત્રી]

''એ દલાલે તો મને એવી જમીન ખરીદવા માટે લલચાવ્યો કે
જેમાં ચોમાસામાં પાંચ ફુટ પાણી ભરાય છે.''
''તો તમે એને ફરીયાદ કરવા ના ગયા ?''
''ગયો. પણ એણે મને હોડી ખરીદવા માટે લલચાવ્યો.''

વાર્શીક રુ. ૧૨૦૦/-ની જવાહર યોજનામાં

આ વર્શનું પાંચમું, છઠ્ઠું અને સાતમું નામ ત્રણ મહીલાઓનું

૫. દેવયાની લોઢવીયા, ૬. ઇન્દુબેન મહેતા, ૭. પ્રા. હર્શા બાડકર-મુંબઇ

રેશનાલીઝમના પ્રચારાર્થે વર્શે રુ. ૧૨૦૦/- આપી શકે તેવા સક્ષમ મીત્રોનાં ૧૦૦ નામો નોંધવાનો આપણો મનસુબો તમે જાણો જ છો. VIVEKPANTHIના નામમો A/c Payee ચેક સાદી ટપાલમાં આજે જ રવાના કરો. સરનામું પહેલા અને છેલ્લા પાને છે.

સમીક્ષા સંકલ્પ સીદ્ધી : ગુજરાતી સાહીત્યકારોની સુચીકા

'અધા દેખે, લંગડા ચલ કર પહોંચે કાશી' (પંગુ લંઘયતે ગીરી) આવું આપણે અનેકવાર ગોખ્યું-રટ્યું છે, પણ તેનો સાક્ષાત્કાર હાલમાંજ જોવા મળ્યો.

અમદાવાદના હસમુખ શાહ નામના ૭૬ વર્શીય મહત્વાકાંક્ષીને મહત્વાકાંક્ષા થઇ ; મુંબઇના સાહીત્યકારોની એક સુચીકા પ્રગટ કરવાની: વ્યવસાયે પોતે મુદ્રક તો ખરા, પણ નીવૃત્ત અને અશક્ત. કાનપુરમાં સખત હડતાલ (બહેરા) એટલે ટેલીફોન એમના માટે કેવળ રમકડું. જીવનમંત્ર એમનો પ્રેમસગાઇ, પણ કાનની જેમ ટાંગા પણ ડહતાલ પર એટલે ચાલવાના વાંધા-ક્યાંય જઇ શકાય નહીં.

સુચીકાનું કામ પુરજોશમાં ચાલુ હતું તેવામાં જ લોહીના પરીભ્રમણમાં અવરોધ થતાં જમણા હાથનાં આંગળાં ખોરવાયાં-બોલપેન પણ પકડાય નહીં. આમ બધી રીતની પ્રતીકુળતાઓ વચ્ચે શક્તી એક જ કામ કરી ગઇ અને તે સંકલ્પશક્તી. મુંબઇના સ્પર્શ દેસાઇનો સધીયારો મળ્યો અને સતત જહેમતના પરીણામે જુલાઇમાં પ્રગટ થઇ સુચીકા 'મુંબઇના ગુજરાતી સાહીત્યકારો'. પાનાં ૪૮+૪ રંગીન મુખપૃશ્ઠની આ પુસ્તીકામાં મુંબઇના આશરે ૩૫૦ સાહીત્યકારો અને ૧૩ સાહીત્ય સંસ્થાઓનાં નામ, સરનામાં અને ફોન નંબર આપવામાં આવ્યા છે. જો કે મુંબઇના બધા જ સાહીત્યકારોનો સુચીકામાં સમાવેશ થઇ ગયો છે અથવા સમાવાયેલા બધા જ સાહીત્યકારો છે એમ કહેતાં પહેલાં તો વધુ અભ્યાસ કરવો પડે પણ હસમુખ શાહની સંકલ્પસીદ્ધીને તો સલામ કરવી જ પડે.

પુસ્તીકાનું પ્રાપ્તીસ્થાન : **હસમુખ શાહ,** ૨, વીવેક ડુપ્લેક્સ, પોરવાડ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'સલામતી'નો સોમો અંક આઝાદી દીન વીશેશાંક

'હમ લાયે હૈ તુફાન સે કીશ્તી નીકાલ કે'ના શીર્શકે 'સલામતી'ના સંપાદક જગદીશ પટેલ, તેમનાં ત્રણ પાનાંના સંપાદકીયનો પ્રારંભ આમ કરે છે.

''મીત્ર રમેશ પટેલે પોતાના સંસ્મરણાત્મક લેખમાં યોગ્ય જ લખ્યું છે, ''જગદીશભાઇ હલેસાં મારતા રહ્યા... પેન્ડોરાની બંધ પેટીમાં હજુ અકબંધ પડેલી આશાને જોરે જ હલેસાં વાંગતાં રહ્યાં. આ હલેસાં મારવા દર વખતે લાંબા-ટુંકા સમયગાળા માટે અનેક સાથીઓ આવતા રહ્યા. કેટલાકે દેશ છોડ્યો, કેટલાકે શહેર છોડ્યું, કેટલાકે વ્યવસાય બદલ્યા, કેટલાકે રસના ક્ષેત્ર બદલાયા, કેટલાક ફાની દુનીયા છોડીને ગયા. કેટલાક દુર ગયા છતાં દુર રહ્યે પણ પોરસાવતા રહ્યા તો કેટલાક સાવ મોં ફેરવી દીધું. દુનીયા રંગરંગીલીનો ખાસ્સો અનુભવ થયો. સલામતીની મુખ્ય ધારા કહેવાય એમણે સદંતર ઉપેક્ષાનું વલણ સેવ્યું છતાં ધીમી ગતીથી અમે હલેસાં મારતા રહ્યા.''

ધંધાદારી પ્રકાશન અને સેવાધારી પ્રકાશન વચ્ચે આસમાન-જમીનનું અંતર છે. આજના યુગમાં ધંધાદારી પ્રકાશક જો કુશળ હોય તો ઍરકન્ડીશન્ડ ગાડીઓમાં મહાલે અને સેવાધારી પ્રકાશકને સાઇકલના પણ વાંધા હોય. એની મુડી એટલે એનો આગવો રસ, એની હામ, એનું સાહસ અને એની લગન. એનો નફો માત્ર અને માત્ર આત્મસંતોશ. આમ છતાં આ વાસ્તવીકતા સમજનારા સુજનો પણ સમાજમાં છે જ, જેના સધીયારે સેવાધારી પ્રકાશનો પ્રકાશતાં રહે છે અને સમાજને પ્રકાશ પ્રદાન કરતાં રહે છે. પડતાં-આખડતાં પણ થાકતાં નથી.

આવા જ એક સામયીક 'સલામતી'એ એનો સોમો અંક તા. ૧૯ ઑગસ્ટે ઉજવ્યો. વીમોચક હતા ડૉ. ભીખુ પારેખ અને અતીથીવીશેશ ડૉ. કનુભાઇ મીસ્ત્રી.

માનવમીડીયાના કીરણ ત્રીવેદી સર્જીત મેઘધનીશી છતાં અર્થવાહી મુખપૃશ્ઠ સહીતના જાહેર ખબરના પાનાં બાદ કરતાં પુરા ૧૦૦ પાનાંનો આ દળદાર અંક જેટલો આકર્શક તેટલો જ વાચનક્ષમ અને ધ્યેયલક્ષી બન્યો છે. રસ ધરાવનારા-તેમાંય ખાસ મુઠ્ઠી ખોલી શકે તેવા રસજ્ઞો માટે પ્રાપ્તીસ્થાન : **'સલામતી'** સંપાદક જગદીશ પટેલ, પીપલ્સ ટ્રેનીંગ સેન્ટર, ૪૩, શ્રીનાથધામ ડુપ્લેક્સ, દીનેશ મીલ-ઉર્મી રોડ, વડોદરા ૩૯૦ ૦૦૭. ફોન : ૦૨૬૫-૨૩૪૫૫૭૬, મો. ૯૪૨૬૪ ૮૬૮૫૫.

ધર્મ પહેલાં કે વીજ્ઞાન ?

ધર્મની અદકી અને વીજ્ઞાનની ઓછી વાત કરતાં કરતાં પણ વીજ્ઞાનને ધર્મથી સહેજ ઉપર સ્થાપવાનો પ્રયત્ન 'ધર્મ અને વીજ્ઞાન' શીર્શકની ડૉ. મોહનભાઇ પટેલ લીખીત રંગીન મુખપૃશ્ઠ સહીતની ૩૮ પાનાંની પુસ્તીકામાં થયો છે.

જુઓ આ અવતરણો : 'અણુ અને પરમાણુ શબ્દો આપણને વરાહ મીહીરે આપ્યા. તેણે તો અણુનું માપ અને વજનનો અંદાજ સુદ્ધાં કાઢ્યો. ભાસ્કરાચાર્યે વીશ્વમાં પહેલી જ વખત બારમી સદીમાં ગુરુત્વાકર્શણની પ્રક્રીયાનું નીરીક્ષણ કર્યું. ન્યુટન તો ત્યાર પછી ૪૦૦-૫૦૦ વર્શે

આ સમજવાનો હતો. કહેવાય છે કે ફળ તો હકીકતમાં ભાસ્કરાચાર્યના ખોળામાં પડ્યું હતું. અંગ્રેજોએ તેને ત્યાંથી ઉઠાવીને ન્યુટનના ખોળામાં મુકી દીધું !

'ધર્મના આધીપત્યની વાત કરીએ તો વીશ્વમાં કેટલીયે જગ્યાએ જુદા જુદા સંજોગોમાં અને જુદા જુદા સ્થળે ધર્મ પાછળ રહ્યો. વીજ્ઞાન આગળ વધ્યું. વીજ્ઞાનને સાચી દીશા બતાવવામાં ધર્મ નીશ્ફળ નીવડ્યો.'

'કહેવાતા ધર્મે તો યુદ્ધો કરાવ્યાં. હીટલર, મુસોલીની, સ્ટાલીન, બુશ જેવાઓએ વીજ્ઞાનના જોરે સર્વોપરીતા મેળવી. ધાર્મીકો કંઇ કરી શક્યા નહીં.'

'ઇસ્લામમાં જેહાદને નામે કત્લેઆમ કરવી એ ધર્મ ગણાયો.'

આમ છતાં પુસ્તીકાના નીચેના વીવાદાસ્પદ કથન પરથી લાગે કે લેખક માટે હજી રેશનાલીઝમનો અભ્યાસ કરવો બાકી છે.

'કેટલાક રેશનાલીસ્ટો વાત કરે અંધશ્રદ્ધા નીર્મુલનની, ઇશ્વરના ઇન્કારની, જીવનમાં બુદ્ધીજન્ય અભીગમ કેળવવાની, છતાંય જ્યારે વાત તેમના પોતાની ઉપર આવે ત્યારે ? જુઓ તેમનાં ઘરોમાં જઇને કેટલાયને ત્યાં દેવ-દેવીઓના ફોટા, અગરબત્તી, દીવા, ફુલહારથી પુજા થતી હોય છે, કારણ કે ત્યાં એમની 'અંગત' બાબત છે.

રેશનાલીસ્ટોમાં સૌથી વધુ જાણીતું નામ છે શ્રીલંકાના ડૉ. અબ્રાહમ કોવુરનું. આપણા ભારતના રેશનાલીસ્ટો તેમને ગુરુપદે સ્થાપે છે. જન્મે ખ્રીસ્તી છે. મુંબઇના એક વરીશ્ઠ પત્રકાર અશોક રાવ કવી જે તેમના ખાસ ચાહક હતા. તેમના વીશે ખુબ લખતા હતા. ૧૯૭૫ની આસપાસ એક વખત તેમણે ડૉ. કોવુરને પુછ્યું કે, ''આ ખ્રીસ્તી દેવળોમાં અને ખાસ કરીને બાંદ્રાના માઉન્ટ મૅરીના દેવળમાં લોકો માનતાઓ માને છે અને કતારમાં કલાકો સુધી ઉભા રહીને ફુલો, આરાધનાનાં બીજાં સાધનો, મીણબત્તીના દીવા કરીને માઉન્ટ મૅરીને પ્રાર્થના કરીને માનતાઓ માને છે તે વીશે તમારું શું કહેવું છે ? તેમાં અંધશ્રદ્ધા નથી ? તમે તેનો વીરોધ શા માટે કરતા નથી ?''

આ પ્રશ્નનો જવાબ આપતાં ડૉ. અબ્રાહમ કોવુરનું રેશનાલીઝમ નંદવાઇ ગયું કે ક્ષણભર ભુલાઇ ગયું. તર્કસંગતતા અપંગ થઇ ગઇ. તેમણે જવાબ આપ્યો કે, ''આ તો અમારી ધાર્મીક બાબત છે. સૌ સૌની શ્રદ્ધાનો વીશય છે.''

તો આવા પોકળ છે આપણાં તત્વજ્ઞાન અને દર્શન, જેમ ધર્મને નામે તેમ બુદ્ધીવાદને નામે પણ ડીંડવાણાં ચાલ્યા જ કરે છે.'

આમ છતાં ધર્મ અને વીજ્ઞાનની વાત કરતાં કરતાં પણ લેખકે અંતે રેશનાલીઝમનું વજુદ સ્વીકારવું પડે એ પણ હરખાવા જેવી વાત તો ખરી જ.

૧૯૮૪-૮૫માં પોતે મુંબઇના શેરીફ હતા ત્યારનો વીર સાવરકરની એક સભા વીશેનો લેખકનો અનુભવ વાંચવા યોગ્ય છે, જે બનશે તેટલો વહેલો અહીં વાંચીશું. દરમીયાન રસજ્ઞો માટે પુસ્તીકાનું પ્રાપ્તીસ્થાન: **ડૉ. મોહનભાઇ પટેલ,** ચંદ્રીકા, ૧૨મો રસ્તો, જુહુ સ્કીમ, મુંબઇ-૪૯.

મંતવ્ય

બળાત્કારીને આકરી સજા થવી જ જોઇએ

'વીવેકપંથી'નો ૮૮મો અંક વાંચ્યો અને ખુબ જ આનંદ થયો.

દીનેશ પાંચાલનો 'બળાત્કાર અટકાવવાના ઉપાયો' લેખ ખુબ જ માહીતીસભર અને રસપ્રદ રહ્યો. આજના યુગમાં જ્યારે બળાત્કારનું પ્રમાણ કલાકે ૧:૨ છે ત્યારે આ માહીતી ખુબ જ ઉપયોગી નીવડે તેમ છે.

લેખની શરુઆતમાં એક ડૉક્ટરના સુચન મુજબની તરકીબો દરેક સ્ત્રીએ સમજવા જેવી અને જરુર પડે આચરણમાં મુકવા જેવી છે. બળાત્કારો અટકાવવાના ઉપાયોમાં લેખકે સેક્સડૉલ, ચેસ્ટીટી બેલ્ટ (એન્ટી રૅપ બેલ્ટ), અત્યંત નાના કદની સ્પ્રે બોટલ (જે પુરુશને બેહોશ બનાવે), એન્ટી સેક્સ ઇન્જેક્શનો વગેરેનો ઉલ્લેખ કરીને તેની અસરકારકતા વીશે માહીતી આપી છે.

હાલના સંદર્ભે બળાત્કારીને વધુમાં વધુ સાત વર્શની સજા થાય છે. સજા પુરી કર્યા બાદ જે તે પુરુશ દ્વારા આ જ વીશચક્ર ચાલુ રહે છે. માત્ર કારાગારની સજાથી આ પ્રશ્નનો કાયમી હલ થતો નથી. આવા ગુનેગારો પકડાય અને ગુનો સાબીત થાય તો તેઓને ખસીકરણની સજા કરવામાં આવે તો આ વીશચક્ર અટકે તેમ છે. ખસીકરણ જ આવા ગુનાઓ માટે યોગ્ય અને અસરકારક ઉપાય છે.

'વીચીત્ર વૃતાંત' કોલમ દર મહીને આપવા તંત્રીને વીનંતી.

- વી. ડી. જાદવ

સી-૭/૨૬, વીદ્યુતનગર કૉલોની, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૭

હરામનું ભોજન એટલે બ્રહ્મભોજન

આ વંચાશે ત્યારે ઘેરઘેર શ્રદ્ધા નીમીત્તે બ્રહ્મભોજન થતાં હશે અથવા થઇ ગયાં હશે. હરામનું ખાવાની જ જેમને ટેવ છે તેવા તગડા બ્રાહ્મણોને જમાડવાથી પોતાના પીતૃને પહોંચશે તેવા ભ્રમમાં જીવનારા બ્રહ્મભોજનની સાથે સાથે કાગવાસ પણ નાખશે એવી માન્યતાથી કે કાગડા સ્વરુપે એમના પીતૃઓ ખીર ખાવા આવશે.

જેઓ સમજે તેમ હોય તેવા ભ્રમીતોને કેટલાંક સુચનો, કેટલાક પ્રશ્નો.

ભુખ-તરસ તો જીવતાને લાગે. ખાખમાં મળી ગયા પછી શું ? આત્મા તો તમે અમર માનો છો જે કદી મરતો નથી.`એક બાજુ શરીર મરી ગયું છે અને બીજી બાજુ આત્મા અમર છે, તો તમારી ખીર ખાવાની ભુખ કોને લાગે છે ?

શું તમારા પીતૃઓ એટલા હલકા હતા કે એમણે કાગડા થવું પડે ?

જો બ્રાહ્મણને જમાડવાથી તમારા પીતૃને ભોજન પહોંચતું હોય તો નજીકના કોઇ જીવતા સગાને જ જમાડો ને!

તમારા પીતૃને વર્શના એક જ દીવસે ભુખ લાગી માનીને તમે બ્રાહ્મણ દ્વારા જમાડો છો તો બાકીના ૩૬૪ દીવસ બીચારા શું કરતા હશે ?

પીતૃના ભ્રમમાં રાચીને તગડા બ્રાહ્મણ કરતાં કોઇ ભુખ્યાને જમાડો ને.

સેંકડો લાચાર વૃદ્ધો અને બાલમંદીરના નીર્દોશ બાળકોને જમાડો ને.

કુવામાં હશે તો હવાડામાં આવશે ને !

ગઇ ચુંટણીમાં લગભગ બધા જ પક્ષોના ઉમેદવારોએ ઉમેદવારીપત્રક ભરવા જતાં પહેલાં શુભ મુહુર્ત જોયું હતું. મંદીરોના ધક્કા ખાધા હતા, પુજા-અર્ચના કરી હતી, હોમ-હવન કર્યાં હતાં અને બ્રહ્મભોજન પણ કરાવ્યાં હતાં છતાં પાંચમાંથી ચાર તો હારી જ ગયા.

બે મોટા પક્ષો પૈકી એક તો હીન્દુવાદી જ છે, પણ પોતાને ધર્મનીરપેક્ષ ગણાવતા મનમોહન, સોનીયા અને રાહુલ સહીતના તમામ કૉંગ્રેસી ઉમેદવારોએ પણ ઉપર પ્રમાણેની જ વીધીઓ કરાવેલ હતી. મનમોહન જીતે તે માટે સુવર્ણ મંદીરમાં વીશેશ પુજા-અર્ચના થયાં. રાહુલબાબાએ યજ્ઞ કર્યો અને સોનીયાએ મહાકાલ મંદીરે કલાકો ગાળીને વીધીવત્ પુજા કરી. માત્ર બકવાસમાં જ તીખીતર્રાર મમતા બેનરજીએ હઠ કરીને મલાઇદાર રેલવેખાતું આંચકી લીધું. તેને ખાતું શનીવારે મળ્યું, પણ કલકતાના કાલીમંદીરના મહંતે શનીની આડઅસરનો ભય બતાવ્યો એટલે ચાર્જ સોમવારે સંભાળ્યો. કૉંગ્રેસી નેતા સુરેશ પચૌરીએ હોસંગાબાદમાં નર્મદાપુજા કરાવી પછી જ ફોર્મ ભરેલું, તો ભોપાલના કૉંગ્રેસી સેવાદળના યુવાનોએ વીશ્ણુનો વરુણયાગ કરાવેલો. કૉંગી ઉમેદવાર સુરેન્દ્ર ઠાકુર તો ઇજનેર છે, પણ ઇજનેરી વીજ્ઞાન બાજુ પર મુકીને હનુમાનચાલીસા બાદ બ્રહ્મભોજન કરાવ્યું હતું છતાં ભાઇસાહેબ હારી ગયા.

બધા નેતાઓની લગભગ આવી જ કહાણી છે. તો પ્રશ્ન એ થાય છે કે જેનો સેનાપતી આંધળો એનું કટક કુવામાં- એ ન્યાયે આ અંધશ્રદ્ધાળું નેતૃત્વ નીચે પ્રજાનું શું થશે ? કુવામાં હશે તો હવાડામાં આવશે ને ?

પ્રા. જે. પી. મહેતા
બી-૪, પંચશીલ, વીદ્યાભવન સ્કુલ સામે, ઘાટકોપર (પુ.), મુંબઇ-૭૭.

ભાશાની શીસ્ત વરતાતી નથી

'વીવેકપંથી' નીયમીત વાંચું છું. કયારેક મજા આવે છે અને ક્યારેક નથી આવતી. સમાજમાં શીક્ષણનો વ્યાપ વધતાં લોકો સાચું અને ખોટું સમજતા થયા છે. મોટાભાગના લોકો હવે સમજતા થયા છે કે આ બ્રહ્માંડનું નીર્માણ કરનાર કોઇ ભગવાન નથી, પણ હજારો વર્શથી પડેલી પ્રણાલીકા મુજબ આપણે નૈસર્ગીક શક્તીને ભગવાન તરીકે ઉદ્બોધીએ છીએ. અગાઉ દુનીયા બાર ગાઉની કહેવાતી હતી. શીક્ષણનો અભાવ, વ. કારણોસર અમુક માન્યતાઓ સમાજમાં ઘર કરી ગઇ હતી.

'શ્રદ્ધા' લોકોનો તદ્દન અંગત વીશય છે. મારી દશ્ટીએ ખોટી શ્રદ્ધા ધરાવનાર માણસમાં વીવેકબુદ્ધી આવે તો એ પોતાની મેળે પોતાની વ્યાખ્યા બદલી નાખે. લોકોએ હજારો વર્શોથી જે સાચી-ખોટી માન્યતાઓને પાળી-પોશી છે. તે ક્ષણભરમાં દુર ન થઇ શકે. કોઇ પણ વ્યક્તી રેશનાલીસ્ટ તરીકે પોતાને જાહેર કરે તેથી તે સર્વજ્ઞ બની જતો નથી. આજકાલ એક ફેશન થઇ ગઇ છે કે પ્રચલીત ચીજોનો વીરોધ કરવો.

મરાઠી એક્ટર નીળુ ફુલે રેશનાલીસ્ટ છે કે મોરારીબાપુ નીયમીત 'વીવેકપંથી'ને દાન આપે છે તેથી તેઓ રેશનાલીસ્ટ થઇ જતા નથી. દરેક વ્યક્તીનું પોતાનું પોતીકું જીવન ઉપરાંત વ્યવહારીક જીવન પણ હોય છે. મોરારીબાપુ આવનારા સમયને ઓળખી રહ્યા છે, કે હવે ચીલાચાલુ વાતો યુવાનો પસંદ નહીં કરે. એટલે પાણી પહેલાં પાળ બાંધવી જરુરી છે. બાકી અંદરનું સત્ય તો એ પણ સમજે છે.

ગુણવંત શાહ, કાન્તી ભટ્ટ કે મહાત્મા ગાંધી રેશનાલીસ્ટ છે કે નહીં એની ચીંતા રેશનાલીસ્ટો શું કરવા કરે છે ? આના ઉપરથી જ વીવેકબુદ્ધીની પરીક્ષા થાય છે. તમે સમાજને શું આપવા માગો છો એ સમજવા આસ્તીકો કરતાં નાસ્તીકો વધુ જાગ્રત હોવા જોઇએ.

'સ્વસ્થ માનવ'વાળા ચીનુભાઇ શાહને મેં એક વખત આસ્તીક અને નાસ્તીકની વ્યાખ્યા પુછેલી, તેનો જવાબ તેઓ આપી શક્યા ન હતા. આ બાબત તેઓએ રમણભાઇ પાઠકને રીફર કરેલી.

મારી દૃશ્ટીએ રેશનાલીસ્ટ સક્ષમ હોવો જોઇએ, જે પોતે યોગ્ય ન્યાય તોળી શકે.

જુલાઇ ૨૦૦૯ના અગીયારમે પાને પ્રા. જે. પી. મહેતાએ 'જૈનોની વેવલી અહીંસા' (કીડી પણ ના મરાય) જેવા શબ્દપ્રયોગ અને કટાક્ષમય ભાશા વાપરી છે તે એક પ્રાધ્યાપકને શોભતી નથી. આવાં તો ઘણાં ઉદાહરણ 'વીવેકપંથી'માં મળી શકે છે. આમાં મારી દૃશ્ટીએ વીવેકબુદ્ધીનો અભાવ દેખાય છે.

માનવસમાજમાં ઘર કરી ગયેલી અંધશ્રદ્ધાઓ, ખોટા રીતરીવાજો, ખોટી માન્યતાઓ, સમાજને ગેરમાર્ગે દોરતા ભુવા-ડાકલાઓ સમાજમાંથી દુર થાય એ અત્યંત જરુરી છે. સાથેસાથે સમાજને વીવેકબુદ્ધી પણ શીખવો. બીજો શું કરે છે, બીજાએ શું કરવું જોઇએ એના કરતાં મારે શું કરવું જોઇએ એ પર ધ્યાન આપવું જરુરી છે.

-એલ. ડી. શાહ
જલારામ બાગ, બીદડા, (કચ્છ), ૩૭૦૪૩૫.

વીચીત્ર વૃત્તાંત

- વીજ્ઞાપન (જાહેરખબર) ક્ષેત્રે વીવીધ વલણો દેખાય છે. પહેલાં માર્કેટ શૅરની ગણતરી થતી, હવે માઇન્ડ શૅરની થાય છે. પુર્વે લૉજીક હતું, આજે મૅજીક છે.
- કાંદીવલીની એક ગૃહીણી બીમાર પતીની ખબર કાઢવા હૉસ્પીટલે ગઇ, તો ઘેર તેની એક વર્શની બેબી પાણીની બાલદીમાં ડુબીને મરી ગઇ.
- પંઢરપુર જતાં વારકરીઓ જતી વખતે એક ટીકીટ કઢાવે છે, પણ પંઢરપુરથી પાછા ફરતી વખતે વ્યક્તી દીઠ બબ્બે ટીકીટો કઢાવે છે, એક પોતાની અને બીજી એમની સાથે આવ્યા મનાતા ભગવાનની. ભલે ભ્રમણાના જ, પણ ભગવાન વગર ટીકીટે મુસાફરી કરે !
- પત્નીની ક્રુરતાને અનુલક્ષીને ચેન્નઇના ૯૦ વર્શના પતીએ ૬૦ વર્શની પત્નીથી છુટાછેડાની અરજી કરી છે.
- શાહપુર (થાણા)ના એક સાવકા પીતાએ અઢી વર્શના સાવકા પુત્રને જમીન પર પટકીને મારી નાખતાં જોઇ ગયેલ ૧૧ વર્શની પુત્રીએ બુમાબુમ કરી મુકી. લોકો એકઠા થઇ ગયા અને ખુની બાપને પકડાવી દીધો.
- લ્યો બોલો. લખનૌ પાસેના ચુનૌતી ગામના માથાભારે ઠાકુર લોકેશ્વર સામે શેરબહાદુરસીંહ ચુંટણી લડ્યા તેના અપરાધમાં સ્થાનીક પોલીસે તેના ઉપર ૬૭ કેસ ઠોકી દીધા. આઠમે વર્શે એને જામીન મળતાં બીજા ૧૬ કેસ ઠોક્યા. હવે શેરબહાદુરને જામીન પણ મળતા નથી.
- સૌથી વધુ શ્રીમંત તીરુમાલાના વેંકટેશ્વર મંદીરના ગર્ભગૃહને રુ. ૧૯૫ કરોડના ખર્ચે સોને મઢી લેવાનું છે. આમ કરવામાં ૧૯૫ કીલો શુદ્ધ સોનું જોઇશે.
- ભાવનગરના હુસેન મહંમદ સૈયદે પોતાની પત્ની અને ત્રણ પુત્રીઓને પ્રથમ ઘેનની દવા પીવડાવી અને બેભાન થયાં એટલે સળગાવી દીધાં.
- મહાઠગ અશોક જાડેજાનાં સોના-ચાંદીના પાંચ મુગટ સોના-ચાંદીની તલવાર, ૨૫ કીલો ચાંદી અને મહેસાણામાં કરોડોની સ્થાવર મીલકત પોલીસે કબજે કરી છે.
- પતીએ ચાઇનીઝ વાનગી ખાવાની ના પાડતાં શીવાજી-નગર ગોવંડીની એક ગૃહીણી નીશાએ ફાંસો ખાધો.
- સલમાન ખાનની ફીલ્મમાં ભુમીકા અપાવવાની લાલચ આપીને અંધેરીના એક ફેરીયાને ગઠીયો પંદર હજારમાં ઠગી ગયો.
- ભીખ માગવા બહાને પગે ચાલીને શંકર કાળે અને વીશ્રામ પવાર નામના હે ભીખારીઓએ

ઇરાની પ્રવાસીના પાંચ હજાર ડૉલર સેરવી લીધા.

- જેતપુરની મામીએ ૧૩ વર્ષની ભાણીને રુ. ૩૦ હજારમાં વેચી દીધાની પોલીસ ફરીયાદ બાળકીની માતાએ કરી છે.
- કામચલાઉ જાતી પરીવર્તન કરાવનાર પુનાના લેસ્બીયન પતી સામે તેની લેસ્બીયન પત્નીએ ફરીયાદ કરી છે કે તે હવે તેની અવગણના કરે છે.
- ગાઝીયાબાદમાં રવીન્દ્ર વર્મા નામના ટ્રકડ્રાઇવરે પોતાનાં પાંચ બાળકોને છુંદી નાખી, પત્નીને ઘાયલ કરી પોતે આત્મહત્યાનો પ્રયાસ કર્યો, કારણ મોંઘવારી સામે ઓછી આવકથી હતાશા.
- હૈદરબાદની વાસાવી એન્જીનીયરીંગ કૉલેજના ૨૨ વર્શીય વીદ્યાર્થી દેવેન્દ્રએ રેગીંગથી કંટાળી ટ્રેન નીચે પડતું મુકી આપઘાત કર્યો.
- ભરુચની ઢાઢર નદીમાં મગરે જકડેલા પીતાને તેના બે પુત્રોએ ઉગારી લીધા. મગર ઘાયલ થયો-બાથંબાથમાં.
- સીબીઆઇએ ૨૫૦ વરીશ્ઠ સરકારી અધીકારીઓ પર છાપો મારીને કરોડોની રોકડ, સોનાના સીક્કા, સોનાના દાગીના અને લાખોની જરઝવેરાત કબજે કરી.
- મધ્ય ઇઝરાયેલના રાજબે ખાતેના ગ્રીક ઑર્થોડોક્સ ચર્ચ માંહેની સેન્ટ જ્યોર્જની તસવીરમાંથી તેલ જેવું પ્રવાહી ટપકવા માંડતાં લાખો લોકો ઉમટી પડ્યા.
- જુનાગઢના દોલતપરાના જયનેશ્વર તપોવન આશ્રમમાંથી સાડાપાંચ કીલો ગાંજો, રુ. ૭૧૦૧૦ તથા મોબાઇલ ટેલીફોન્સ જપ્ત કરી પોલીસે મહંત અનીરુદ્ધપુરી તથા જમનાપુરીને પકડ્યા છે.
- જુનાગઢના પ્રાણીઘરમાં ચાર વીઆઇપી ચીત્તાઓ આવ્યા છે, જેમને એસીમાં રાખવા પડે છે અને પીવા માટે મીનરલ વૉટર દેવું પડે છે.
- વારાણસીના જગન્નાથ રીવાજ પ્રમાણે ૧૫ દીવસ માટે માંદા પડે છે. જેની સારવાર ૩૦૦ વર્શથી એક જ પરીવાર કરે છે. ઓસડીયામાં એલચી, લવીંગ, મરી, જાયફળ, ગુલાબજળ, ગંગાજળ, તુલસી, ચંદન અને ખડીસાકરનાં મીશ્રણથી બનાવેલો કાઢો પછી ભક્તોમાં વહેંચવામાં આવે છે.
- ગોરેગામના ઓબેરોય મોલ પાસેથી ૨૦ કરોડના નશીલા પદાર્થ સાથે એક પોલીસ કૉન્સ્ટેબલ પકડાયો.
- ચીનના સીયુઆન પ્રાંતમાં બંધ પડેલો ન્યુડ બાથ (નીર્વસ્ત્ર થઇને નહાવા માટેનો સ્નાનાગાર) પાછો ચાલુ કરી દેવામાં આવ્યો છે.
- છત્તીસગઢની એક નદી રાજ્ય સરકારે એક ખાનગી કંપનીને વેચી માર્યા પછી ખરીદદારે ગામલોકો માટેનો નદીનો વપરાશ બંધ કરાવ્યો અને કાંઠા પરના પાતાળકુવાઓ પર મીટરો બેસાડીને ગામલોકોને પાણી વેચાતું આપવા માંડ્યું.
- બે બાળકના પીતા એવા પરીણીત મુસ્લીમ ઇજનેરે ગુજરાતની એક યુવતીને લગ્નમાં ફસાવી. પાછળથી હકીકતની જાણ થતાં જબરો આંચકો લાગ્યો.
- ૩૫ વર્શની પરીણીત ગીતાએ પતીને ચામાં ઘેનની દવા આપી બેભાન કરી પોતાના પ્રેમીના હાથે મરાવી નાખ્યો.
- સુરતમાં પોતાને ઇશ્વરભાઇ જીવનભાઇ ભાલીયા તરીકે ઓળખાવનાર શખ્સ માનવસેવા આશ્રમની એક ઓરડીમાં દૈવીપ્રકાશ નીચે સોનાની ગીનીઓ પડેલી દેખાય છે તેવું કહીને એક વેપારી પાસેથી કીંમત વસુલીને નકલી ગીનીઓ પકડાવી દેતાં પકડાયો.
- વારાણસી નજીકના કેરાકનપુર ગામે ૧૧૦ રુપીયાની ચોરી કરવાના આરોપસર જ્યોતી નામની ૧૧ વર્શની બાળકીના હાથ તેના જ પીતરાઇ ભાઇએ ઉકળતા તેલમાં ઝબોળાવ્યા.
- વીરારના પેસેન્જરોની હેવાનીયત વધતી જાય છે. અગાઉ એક પરીણીત પુરુશપ્રવાસીને ચાલુ ટ્રેને ઉંચકીને બહાર ફેંકી દેતાં તે સામેથી આવતી ટ્રેન હેઠળ કપાઇ મુઓ હતો. તાજેતરમાં બારણામાં ઉભેલા એક પ્રવાસીને ઉંચકીને બહાર ફેંકી દીધો.
- મહારાશ્ટ્રના પોલીસસ્ટેશનોનાં લોકરોમાં ૨૨ કરોડની ચલણી નોટો સડી ગયા પછી ૨૮ લાખની નોટોને ઉધઇ લાગી ગઇ.
- પોલીસખાતાની જમીન અન્યને વેચી મારવા માટે ડેપ્યુટી કમીશનર સીતારામ કાપસેની ધરપકડ થઇ છે.

વાર્શીક લવાજમના રુ. ૧૦૦/-નો મનીઑર્ડર આજે જ કરો

ચમકારો

સેક્સની ચર્ચા ચોકમાં કરાય ?

ચર્ચાસ્પદ બનેલા ટીવીના પ્રોગ્રામ 'સચ કા સામના' અંગે સેક્સોલૉજીસ્ટ ડૉ. પ્રકાશ કોઠારીએ મને (કાંતી ભટ્ટને) કહ્યું કે સ્ત્રીપુરુશ તેના સેક્સ જીવનની પુરી નીખાલસ વાતો ડૉક્ટર કે સેક્સોલૉજીસ્ટ સામે કરી શકે અગર તો નીકટના વર્તુળમાં કોઇ ઇનામ-બીનામ ન હોય ત્યાં બંધબારણે કોઇ હૉલમાં સેક્સ અંગેના પોતાના અંગત અનુભવો કે ટેવો કહી શકે, પરંતુ જ્યાં ટીવી પ્રોગ્રામને ૧ કરોડ લોકો જોતાં હોય તે હાલતમાં ભારતીય સંસ્કૃતીમાં સેક્સની વાતો કરવી બીલકુલ યોગ્ય ઠરતી નથી. **- કાન્તી ભટ્ટ**

['દીવ્ય ભાસ્કર'ના તેમના તા. ૩-૯ના લેખમાંથી]

રહસ્યો તો કોના અંગત જીવનમાં નથી હોતાં ? પણ તેવાં રહસ્યો વ્યક્તીનાં પોતીકાં હોય છે અને તેમાં જ તેના રોમાંચ અને માધુર્ય હોય છે. ચોકમાં ચર્ચા કરીને એ રોમાંચ અને માધુર્ય રોળી નાખવામાં કયું ડહાપણ ? [ઑગસ્ટના 'વીવેકપંથી'ના અગ્રલેખમાંથી]

''સાહેબ, દારુની લત મને મુદ્દલ નથી, હું એનાથી આઘો જ ભાગું છું પણ થયું એવું કે મારા બે મીત્રો મને જબરજસ્તીથી બારમાં લઇ ગયા, જ્યાં ત્રણ બાટલીઓની વ્યવસ્થા કરી રાખી હતી. પણ મારા હાળાઓ ત્યાં જઇને કહે છે કે એ બન્ને તો દારુ પીતા જ નથી. આમ સાહેબ, હું તો કારણ વગર જ ફસાઇ ગયો.''

ä ä

''સાહેબ, હું જરા ઝુકી, બે હાથ પહોળા કરીને સહેજ ગોળાકારે વળું છું ત્યારે મારા ખભા દુખવા માંડે છે.''

''પણ એવી કસરત તમારે શા માટે કરવી પડે ?''

''કોટ પહેરવા માટે ; બીજી કોઇ રીત હોય તો બતાવો.''

ä ä

''તમે અંદર નથી જઇ શકતા મેડમ !''

''કેમ, શું વાંધો છે ?''

''અંદર પ્રધાન મંડળની મીટીંગ ચાલે છે.''

''તેથી શું? મને રમુજી ટુચકા સાંભળવા ગમે છે.''

ä ä

''હોટલના મૅનેજરે ડાઇનીંગ હૉલની દીવાલ પર મોટું બોર્ડ લગાવી દીધું.

''જમ્યા પછી ટીપ આપીને અમારા વેઇટરોનું અપમાન કરતા નહીં'' અને વેઇટરોને ટીપ મળતી બંધ થઇ ગઇ.

ખુબ વીચાર કર્યા પછી વેઇટરોએ બહાર જવાના દરવાજા પર એક પેટી મુકીને ઉપર લખી નાખ્યું, 'વેઇટરોના અપમાન માટેની ટીપ અહીં નાખવી.''

ä ä

''તમે મને આ ઘડીયાળ વેચાતી આપતી વખતે એમ કહેલું કે આ ઘડીયાળ મારી જીંદગી સુધી ચાલશે. પણ આ તો છ મહીનામાં જ બંધ પડી ગઇ.''

''ખરીદવા આવ્યા ત્યારે તમે એટલા બધા નબળા દેખાતા હતા કે મને થયું માંડ બે-ત્રણ મહીના કાઢશે.''

ä ä

''ડૉક્ટર સાહેબ, જરા જુઓને; મારા જમાઇના પગ પર સોજો આવી ગયો છે:''

''સોજો શાનાથી આવ્યો છે ?''

''મેં એના પગ ઉપર લાકડી ફટકારી'તી.''

''તમારે એમ કેમ કરવું પડ્યું ?''

''એ મારો જમાઇ બનવા તૈયાર નહોતો થતો.''

PRINTED BOOK

TO

From :

વીવેકપંથી

C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Dutta Jagdamba Marg,
Sher-E-Punjab Colony,
Andheri (East), Mumbai-400 093